સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૩, માર્ચ - ૨૦૧૪
બે વર્ષ લવાજમ રૂ. ૧૯૦/-




વડતાલ ગાદિ-પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અનુગામી અને પનોતા સત્પુત્ર પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ના પ્રતિનિધિ શ્રી આલોકકુમાર તથા શ્રી મનિષ બિસ્નોઈ દ્વારા

**'શ્રી સ્વામિનારાયણ યુવા કેસરી'** એવોર્ડ એનાયત

શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત, તા. ૧૨-૩-૨૦૧૪



















**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ આશીર્વાદ સહ આશાપી યોગીચોક-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગરના ૧૩મા વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ' (તા. ૮ થી ૧૬-૩-૨૦૧૪)**

૧-૨. પોથીયાત્રામાં જોડાયેલ પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા યજમાન પરિવાર તથા હજારો હરિભક્તો. ૩. મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી, પૂ. સ્વામી, પૂ. ચેરમેન સ્વામી વગેરે સદ્ગુરુ સંતો તથા યજમાન પરિવાર. ૪. પૂ. વક્તાશ્રીનું પૂજન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૫-૬. કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી કરતા સંતો તથા આરતી ઉતારતા યજમાન પરિવારશ્રીઓ. ૭. કથા અંતર્ગત ષોડશ-પંચાભિષેકમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૮. કથા અંતર્ગત ઠાકોરજી સમક્ષ ધરાવવામાં આવેલ છપ્પનભોગ અન્નકૂટ દર્શન. ૯. રાત્રિ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ અનમોલ ખત્રી, નિલાદ્રી ચેટરજી તથા હેમંત જોષીના સુમધુર કંઠે 'કીર્તન ભક્તિ સંધ્યા.' મહોત્સવના યજમાનશ્રીઓને શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ અર્પણ સન્માન કરતા પૂ. સ્વામી - ૧૦. સમગ્ર મહોત્સવના યજમાન શ્રી અશોકભાઈ મોહનભાઈ ભંડેરી પરિવાર. ૧૧. કથાના મુખ્ય યજમાનશ્રી પૂજારી વિઠ્ઠલબાપા ભંડેરી પરિવાર. ૧૨. કથાના સહ યજમાન શ્રી ગોપાલભાઈ બાબુભાઈ ભંડારીયા પરિવાર. ૧૩. કથાના સહ યજમાન શ્રી જયંતિભાઈ નાગજીભાઈ જયાણી પરિવાર. ૧૪. પર્ણકુંજ પૂજનના મુખ્ય યજમાન શ્રી નાગજીભાઈ વલ્લભભાઈ ધડુક પરિવાર. ૧૫. શ્રી ઘનશ્યામ જન્મોત્સવના યજમાનશ્રી ઈશ્વરભાઈ ડુંગરશીભાઈ પટેલ પરિવાર.










મહોત્સવ દરમ્યાન સુરત શહેરના રાજમાર્ગો પર ભગવાન શ્રીહરિના નવમા વંશજ
પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મયુર રથમાં બિરાજમાન
પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય દર્શન કરીને શહેરના હજારો લોકો ધન્યભાગી થયા હતા.










સુરત ખાતે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
ઉજવાયેલ શ્રીજીમંદિરના ૧૩મા પાટોત્સવ પ્રસંગે 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'
અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન કથાનો લાભ લેવા ઊમટેલો વિશાળ ભક્તજન સમુદાય.

## શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત
































**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આગામી યોગીચોક-સુરતને આંગણે પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગરના ૧૩મા વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન નવાહ્ન પારાયણ' (તા. ૮ થી ૧૬-૩-૨૦૧૪)**

૧-૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ૪૧ કિલોના શીંગદાણાના હારથી તેમજ ૪૧ ફૂટના પુષ્પહારથી સ્વાગત કરતા શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળના યુવાનો. ૩. મહોત્સવમાં પધારેલ ધામોધામના પૂ. વંદનીય સંતો. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. વક્તાશ્રી સાથે મહોત્સવ આયોજક સમિતિ. ૫. ચૈત્ર પંચાગ નિર્ણયનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા વરાછા વિસ્તારના ધારાસભ્ય માન. શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા. ૭. કેન્દ્રીય મંત્રીશ્રી તુષારભાઈ ચૌધરીને મૂર્તિ અર્પણ કરતા પૂ. સ્વામી. ૮. ધારાસભ્ય શ્રી જનકભાઈ બગદાણાનું સ્વાગત કરતા પૂ. સ્વામી. ૯. જૂનાગઢ મહામંત્ર મહોત્સવ - સીડીનું વિમોચન કરતા પૂ. વક્તાશ્રી તથા સંતો તથા હરિભક્તો. ૧૦. પદ્મશ્રી મથુરભાઈ સવાણીનું સન્માન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૧૧. શ્રી વસંતભાઈ ગજેરા વતી તેઓના બંધુ શ્રી હરિભાઈનું સન્માન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૧૨. શ્રી મનજીભાઈ ધોળકીયા વતી તેઓના ભત્રીજાનું સન્માન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૧૩. શ્રી ગોવિંદભાઈ ધોળકીયા વતી શ્રી અરજણભાઈ ધોળકીયાનું સન્માન કરતા પૂ. સ્વામી તથા યજમાન પરિવાર. ૧૪. પૂ. સ્વામી સાથે મહોત્સવ આયોજક સમિતિ તથા સ્વયંસેવક ટીમ. ૧૫. નવા નવા મુમુક્ષુઓને ભગવાન શ્રીહરિની શરણાગતિ સ્વીકારીને કંઠી ધારણ કરાવતા પૂ. સ્વામી.



# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨ | અંક :- ૩ | તા. ૨૦-૦૩-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

:: લેખન / સંકલન ::

પાર્ષદ સંદિપભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
**E-mail :-** sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષ: રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું
રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું,
દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં
આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

## અનુક્રમણિકા

૧ આધુનિક દૃષ્ટિએ આપણા ધાર્મિક વિધાનોનું રહસ્ય — ૦૬
પાર્ષદ સંદિપભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ સત્સંગ સમાચાર પત્રિકા... — ૨૩
- સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૩ પૂ.સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીની આગામી કથાપારાયણોની તિથિ-તારીખ — ૩૪
- સંકલિત


૪ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની કથાપારાયણોની તિથિ-તારીખ — ૩૫
- સંકલિત

हमारा लक्ष्य ચેનલ પર
હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...
Online
www.lakshyatv.com

दिव्य अमृतवाणी
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦



# આધુનિક દૃષ્ટિએ આપણા ધાર્મિક વિધાનોનું રહસ્ય...

પાર્ષદ સંદિપભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

પૃથ્વીની ઉત્પત્તિ અને તેના પર રહેલી જીવન સૃષ્ટિના **રહસ્યો**ને જાણવા માટે વિજ્ઞાન **અથાગ પ્રયત્ન** કરી રહ્યું છે. આ વિષયની તમામ **ગૂઢ માહિતી** તો અનેક સદીઓ પહેલા જ આપણા ઋષિમુનિઓએ જાણી લીધી હતી. તે યુગમાં ગુરુના આશ્રમમાં આત્માથી લઈ પરમાત્મા સુધીનું જ્ઞાન ગુરુઓ મૌખિક રીતે જ શિષ્યોને પ્રત્યક્ષ કે અનુભૂતિના પ્રમાણ દ્વારા આપતા હતા. આવી અદ્ભુત સંપૂર્ણ મૌખિક રીતે જ્ઞાન આપવાની પદ્ધતિ અનેક સદીઓ સુધી ચાલુ રહી હતી. પરંતુ રાજાશાહીના એ યુગમાં અયોગ્ય વ્યક્તિના હાથમાં સત્તા આવવાના કારણે ગુરુઆશ્રમની આ પરંપરાને ઘણું જ નુકસાન વેઠવું પડ્યું હતું. સમય દરમ્યાન કેટલાય ઋષિમુનિઓએ આ જ્ઞાનને ભોજપત્ર કે તામ્રપત્ર પર લખી ગ્રંથસ્થ કરવાનું મહાન **ભગીરથ કાર્ય** કર્યું. નિર્બળ રાજાઓ અને અયોગ્ય રાજ્યવ્યવસ્થા દરમ્યાન ભારત પર વિદેશી આક્રમણ સાથે ચાલુ થયેલા ૮૦૦ થી ૯૦૦ વર્ષના અંધકાર યુગ દરમ્યાન ગ્રંથસ્થ થયેલા અનેક કિંમતી ગ્રંથોમાંથી કેટલાય ગ્રંથો નષ્ટ થઈ ગયા હશે...!! કેટલાય ગ્રંથોના શ્લોકથી માંડી કેટલાય અધ્યાય નષ્ટ થઈ ગયા હશે...!! તે બધાનો તો કોઈ હિસાબ જ નથી. છતાં આજે પહેલાનું જે કંઈ વધ્યું-ઘટ્યું-બચેલું જ્ઞાન ગ્રંથોરૂપે આપણી સામે છે તે પણ કોઈ વિશાળ મહાસાગરથી કંઈ કમ નથી...!!! આ ગ્રંથોમાં સૂત્રાત્મક અને પ્રતીકાત્મક સ્વરૂપમાં લખાયેલા શ્લોકોને સાચી રીતે સમજી તેમાં રહેલા જ્ઞાનને પૂર્ણ રીતે પામવાનું સહેલું નથી. આજ કારણે આપણા ઋષિમુનિઓએ આપણને 'આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી' એમ ચોક્કસ **કર્તવ્યાકર્તવ્યની વિગત** આપણા સમક્ષ રજૂ કરીને મૂકી હોવા છતાં આપણે એનો અવળો અર્થ કરીને અવગણના કરી નાખીએ છીએ, કાં તો અંધશ્રદ્ધા જ માનીએ છીએ...!!

ખરેખર તો આપણે કોઈ વિદ્વાન પુરુષની સહાયતાથી હજારો વર્ષ પૂર્વેની આપણી ભૌગોલિકતા, હવામાન અને સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને આપણા પ્રાચીન ગ્રંથોનું **ઊંડું સંશોધન** કરવું જોઈએ અને અત્યારની પરિસ્થિતિમાં તેનો લાભ જેટલો ઉઠાવી શકાય તેટલો ઉઠાવવો જોઈએ. એના બદલે આપણે આપણા બધા ગ્રંથોને અભરાઈ પર ચઢાવી વિદેશથી લાવેલા ઊછીના જ્ઞાનને શાળા-કોલેજમાં શીખવાડીએ છીએ. આપણી લઘુતાગ્રંથિના કારણે જ આપણા જ ગ્રંથોમાં **ઉત્તમ વિજ્ઞાન** સમાયું હોવા છતાં આપણે પરદેશી લેબલ લાગેલી વસ્તુને શ્રેષ્ઠ સમજી બેઠા છીએ.

આપણા દીર્ઘદૃષ્ટા ઋષિઓએ પોતાના જીવનના તમામ અનુભવોનો નિચોડ કાઢીને લખેલા શાસ્ત્રો માત્ર કથા-વાર્તાની દૃષ્ટિએ નહિ પણ ઈતિહાસ, ભૂગોળ-ખગોળ અને નાગરીક

શાસ્ત્રની દૃષ્ટિએ પણ **શ્રેષ્ઠતમ** પુરવાર થાય એમ છે. ભારતની સંસ્કૃતિ મહાન છે. ભારતમાં ઋષિમુનિઓ મહાન વિજ્ઞાનીઓ હતા. એવા વાક્યો બોલીને આપણા ભૂતકાળને વાગોળીએ છીએ. પરંતુ એમાં ઊંડું સંશોધન કરીને આપણે કેમ વધુ ઉત્તમતા પ્રાપ્ત કરી શકીએ તેની કોઈને પડી નથી. ભૂતકાળમાં તપોવનના વિદ્યાર્થીઓને વેદ-ઉપનિષદો-પુરાણો વગેરે ગ્રંથોના પાઠ ભણાવવામાં આવતા, પરંતુ જ્યારથી દંભી ધર્મનિરપેક્ષતા ચાલુ થઈ છે ત્યારથી આવા ગ્રંથોને કપોળ-કલ્પિત કહી આધુનિક શિક્ષણ વ્યવસ્થાઓમાં તેનો સમાવેશ નથી કર્યો. જો કે આમ કરીને આપણે આપણા પગ ઉપર જ કુહાડો માર્યો છે.

પુરાણોમાં સૌથી વધુ પારાયણો જેના થતાં હોય છે એ **શ્રીમદ્ ભાગવત મહાપુરાણ**ની જ વાત કરીએ તો આપણી **જ્યોતિશ્ચક્ર**ની ગ્રહાદિ નક્ષત્રમાળામાં સૂર્ય કેન્દ્રમાં રહે છે અને તેની આસપાસ પૃથ્વી ફરે છે તેથી જ સમગ્ર વર્ષ દરમ્યાન સૂર્યચંદ્રના ઉદય-અસ્ત તથા શિયાળો-ઉનાળો આદિક ઋતુચક્ર પણ એક સરખી રીતે પરમેશ્વર નિર્મિત **કુદરતી ક્રમ** પ્રમાણે ચાલ્યા જ કરે છે. તે વાત વ્યાસમુનિએ હજારો વર્ષ પહેલા જ **સ્પષ્ટ** લખી દીધી છે. જ્યારે યુરોપના દેશો છેક સત્તરમી સદી સુધી એમ જ માનતા હતા કે, પૃથ્વી કેન્દ્રમાં છે અને સૂર્ય તેની આસપાસ ફરી રહ્યો છે. આ વાતનું ખંડન જો કે ગેલેલિયો નામના વૈજ્ઞાનિકે કર્યું હતું તો એને પાગલ ઠરાવીને તેના પર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. આખરે સત્તરમી સદીના અંત ભાગમાં દુનિયાભરના વૈજ્ઞાનિકો માનતા થયા કે, સૂર્ય જ કેન્દ્રમાં રહેલો છે. મહર્ષિ વ્યાસનું **જ્ઞાન** એ યુગમાં પણ કોઈપણ પ્રકારના આધુનિક ઉપકરણોના સહયોગ વિના પણ કેટલું બધું સૂક્ષ્મ હશે એ અહિં સિદ્ધ થાય છે...!!

બ્રહ્માંડ **અંડઆકાર** ફેલાયેલું છે એ વાત પણ આપણા ઋષિમુનિઓએ કેટલાય ગ્રંથોમાં લખી છે અને એટલે જ એને **બ્રહ્માંડ** (બ્રહ્મ+અંડ) કહેવામાં આવ્યું છે. આ અંડમાં એક સમયે કશું જ નહોતું, તેથી એને **'મૃતઅંડ'** કહેવામાં આવ્યું હતું. આ મૃત અંડમાંથી જન્મેલા સૂર્યને એટલે જ **માર્તન્ડ** કહેવામાં આવે છે.

સૂર્યથી જે ક્રમે દરેક ગ્રહો હોવાનું **આજનું વિજ્ઞાન** કહી રહ્યું છે એ જ ક્રમમાં ગ્રહોનું વર્ણન આપણા **દીર્ઘદર્શી ઋષિઓ**એ યુગો પહેલા કરી દીધું છે. આપણા વિવિધ શાસ્ત્રોમાં ગ્રહોની ગતિ વિશે જે કહેવામાં આવ્યું છે એ પણ સો ટકા સત્ય જ છે એમ **આધુનિક યંત્રો દ્વારા** શોધખોળને અંતે સાબિત થયું છે. જેમ કે શ્રીમદ્ ભાગવતમાં **સ્પષ્ટ** કહેવામાં આવ્યું છે, ''કુંભારનો ચાકડો જે રીતે ફરે છે તે રીતે સૂર્યની ફરતે સર્વ ગ્રહો ફરે છે. દરેક ગ્રહનું સૂર્ય ફરતે એક ચક્ર પુરું થાય એટલે તે ગ્રહનું એક વર્ષ થયું ગણાય. જેમ ગ્રહ સૂર્યથી દૂર તેમ એને એક ચક્ર પુરું કરતા વધુ સમય લાગે તેથી તેનું વર્ષ પણ મોટું...'' આ રીતે શનિનું એક વર્ષ પુરું થાય ત્યારે આપણા પૃથ્વીવાસીઓના ૩૦ વર્ષ થાય. આ વાતને આજનું વિજ્ઞાન બેધડક સ્વીકારે છે અને એ પોતાની જ આધુનિક શોધ હોવાની બડાઈ પણ કરે છે. પરંતુ આજ વાતનું સ્પષ્ટીકરણ હજારો વર્ષ પૂર્વે શ્રીમદ્ ભાગવતમાં વેદવ્યાસજીએ કરી દીધું છે. તેઓએ આ **ઘટસ્ફોટ** કરતા લખ્યું છે : **'शनैः शनैः चरति असौ शनैश्चरः ।'** અર્થાત્ જે ધીરે ધીરે ચાલે છે તે શનિ છે...!!

દરેક ગ્રહની ગતિની **માહિતી** આધુનિક વિજ્ઞાનને છેલ્લા ૨૦૦ વર્ષ દરમ્યાન મળી છે એના કરતા ઘણી વધુ માહિતી આપણા શાસ્ત્રોમાં પહેલેથી જ મોજુદ છે. પૃથ્વી શેષનાગના મસ્તક ઉપર રહેલી છે એવી વાતો આપણા પુરાણોમાંથી વાંચી કે સાંભળીને પ્રથમ દૃષ્ટિએ અશક્ય લાગતી હતી. પરંતુ થોડા સમય પહેલાના એક સંશોધનથી સાબિત થયું કે, બ્રહ્માંડની નિહારિકા સર્પના આકારમાં છે (ભાગવતના પંચમ સ્કંધમાં તથા ગઢડા મધ્ય પ્રકરણના ૨૧માં વચનામૃતમાં ભગવાન શ્રીહરિએ પણ જેને ધ્રુવમંડળને આશ્રિત શિશુમાર ચક્ર = સર્પાકૃતિ ચક્ર કહેલું છે.) અને તેના 'શીર્ષ'ના ભાગમાં આપણું સૂર્યમંડળ અને પૃથ્વી આવેલા છે. આથી પૃથ્વી



"...આપણે કોઈ વિદ્વાન પુરુષની સહાયતાથી હજારો વર્ષ પૂર્વેની આપણી ભૌગોલિકતા, હવામાન અને સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને આપણા પ્રાચીન ગ્રંથોનું **ઊંડું સંશોધન** કરવું જોઈએ અને અત્યારની પરિસ્થિતિમાં તેનો લાભ જેટલો ઉઠાવી શકાય તેટલો ઉઠાવવો જોઈએ. એના બદલે આપણે આપણા બધા ગ્રંથોને અભરાઈ પર ચઢાવી વિદેશથી લાવેલા ઊછીના જ્ઞાનને શાળા-કોલેજમાં શીખવાડીએ છીએ. આપણી લઘુતા-ગ્રંથિના કારણે જ આપણા જ ગ્રંથોમાં **ઉત્તમ વિજ્ઞાન** સમાયું હોવા છતાં આપણે પરદેશી લેબલ લાગેલી વસ્તુને શ્રેષ્ઠ સમજી બેઠા છીએ..."

શેષનાગના મસ્તક પર બિરાજમાન હોય એવું જ ચિત્ર રચાય છે...!! આના પરથી કહી શકાય કે, જે માર્ગ પર આજનું આધુનિક વિજ્ઞાન પા..પા.. પગલી કરે છે તે ગહન વિષયોને આપણા ઋષિમુનિઓ આમૂલચૂલ જાણતા હતા એ પણ કોઈપણ ઉપકરણની મદદ વગર જ પોતાની આંતરિક શક્તિઓથી...!!

'Just for your kind Information' સાથે સાથે અહિં **સ્પષ્ટતા** કરી જ દઈએ કે, "પૃથ્વીની ધરીનો ઉત્તર ધ્રુવનો છેડો સહેજ નમેલો છે. એ વાત પણ શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ લખેલી છે...!!"

અત્યારે એવું સમજાવવામાં આવે છે કે, ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતનો શોધક **ન્યૂટન** છે, પણ આ વાત બિલકુલ બેબુનિયાદી છે. ન્યૂટનનો સમય ઈ.સ. ૧૬૪૦ થી ૧૭૦૦ છે. જ્યારે તેનાથી ખૂબ અગાઉ આ સિદ્ધાંત જ્યોતિષના પ્રાચીન ગ્રંથમાં જોવા મળે છે. સૂર્ય સિદ્ધાંત ગ્રંથ અપૌરુષેય માનવામાં આવે છે. તેને અપૌરુષેય ન માનવામાં આવે તોપણ એની હયાતિ ઈસુથી કેટલીય સદીઓ પૂર્વે હતી. જેમાં ગ્રહ-ગણિત, સૂર્ય-ચંદ્ર-ગ્રહણો, શ્રૃંગોન્નતિ વેધ, ગ્રહયુદ્ધ, પૃથ્વીનો આકર્ષણ-વિકર્ષણ સિદ્ધાંત, ગ્રહોના આકર્ષણ-વિકર્ષણના સિદ્ધાંત ખૂબ સુપેરે સૂત્રાત્મક ભાષામાં નિરૂપણ પામ્યા છે.

આ સિદ્ધાંતોની રચના પછી **આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, બ્રહ્મગુપ્ત** તેમજ **વરાહમિહિર** દ્વારા પૃથ્વીના **આકર્ષણ સિદ્ધાંત**ને પરિષ્કૃત કરવામાં આવ્યો. ન્યૂટન આ બધા ગ્રંથોને ખૂબજ રુચિથી વાંચતો હતો અને ભારતીય જ્યોતિષ શાસ્ત્રનો દિવાનો હતો, ખૂબ શોખીન હતો. તે રાત્રિ-દિવસ **ભારતીય ગ્રંથો**નું અધ્યયન કરતો હતો. એમના વૈજ્ઞાનિક મિત્ર **હેલી**એ ભરી સભામાં ન્યૂટન પર **કટાક્ષ** કરતા પૂછ્યું હતું :- 'why do you believe in Indian Astrology ?' તમે શા માટે ભારતીય જ્યોતિષને માનો છો?

ત્યારે ન્યૂટને ખૂબજ વિનમ્રતાથી **જવાબ** આપ્યો હતો :-
'I have studied it, you have not'

ટૂંકમાં સાર એટલો જ નીકળે કે, આપણા ઋષિમુનિઓ માત્ર આસન જમાવી - ધુણી ધખાવીને બેઠા જ નથી રહ્યા; પરંતુ પોતે **અથાગ પરિશ્રમ** કરીને અનંત બ્રહ્માંડોના કણ-કણમાંથી પળ-પળમાં જે કંઈ પણ હલન-ચલન કે પ્રક્રિયાઓ કુદરતી નિયમોથી થાય છે તે બધી પ્રક્રિયાઓના અંતને પામી ગયા હતા. અને તે બધા જ રહસ્યોને જાણતા હતા. અને આ બધાનું કારણ એ જ હતું કે, તેઓ માનવીય મસ્તિષ્કની ગતિવિધિઓથી અતીત પરબ્રહ્મ પરમાત્માના ચરણારવિંદને પામી ગયા હતા...!!! આજનું વિજ્ઞાન આપણી આ નાનકડી પૃથ્વીના એક એકમને પણ સમ્યક્ નથી જાણી શક્યું. તેમ છતાં વાતને સમજ્યા વગર જ આપણે આપણા શાસ્ત્રોમાં સ્થિત વણઉકલેલા કોયડાઓને કપોળ-કલ્પિત કહીને નકારી કાઢીએ છીએ અને આપણા જ ઋષિમુનિઓનું ઉચ્છિષ્ટ ખાનારા આધુનિક વૈજ્ઞાનિકોને આપણે સ્વીકારીએ છીએ...!! આ તે કેવો ન્યાય?

આજના વિજ્ઞાન યુગમાં **'ધર્મ'** શબ્દ થોડો અળખામણો બની ગયો છે. ધર્મ એટલે ઝઘડો, ધર્મ એટલે વાદ-વિવાદનું મૂળ, ધર્મ એટલે માણસને માણસ જોડે લડાવવાનું સાધન. ધર્મની આવી વ્યાખ્યાઓ અત્યારની યુવાપેઢીમાં ઘર કરી ગઈ છે. રોજી રોટી કમાવાની કે વધુને વધુ રૂપિયા મેળવવાની લ્હાય બળતરામાં ધર્મ વિષે વિચારવાની કોઈને ફુરસદ પણ નથી. પરંપરાથી ચાલ્યા આવતા ધાર્મિક રીવાજો સદંતર બંધ કરવા અથવા વડીલોના દિલાસા ખાતર નિભાવી લેવાનું વલણ આજની નવી પેઢીમાં જોવા મળે છે. આપણા ધાર્મિક રીતિ-રીવાજોનું જ્ઞાન, વિજ્ઞાન એમને ખબર ન હોવાને કારણે તે ધીરે ધીરે ગૌણ થઈ જાય છે અથવા તો માત્ર રૂટિન કાર્ય બની જાય છે. તેથી તેમાં શ્રદ્ધા અને ઉત્સાહ હોતા નથી. પરિણામે એવા કેટલાય સારા રીતિ-રીવાજોની પણ **ઘોર ઉપેક્ષા** થઈ રહી છે, જેની પાછળ **અસ્પષ્ટ ફળ** તો અઢળક છે જ, પરંતુ સાથે સાથે વિજ્ઞાન અને આ લોકના **ઉચ્ચ જીવનના સિદ્ધાંતો** રહેલા છે. આપણા ધર્મોનું વિધિસરનું જ્ઞાન આપણને શાળા-કોલેજમાંથી મળતું નથી. આપણા રીત-રીવાજોની ઘોર ઉપેક્ષાનું આ પણ એક કારણ છે.

વર્ષો પૂર્વે આધુનિક ભણતરનું પ્રમાણ નહિવત હતું ત્યારે આપણા સમાજમાંથી બહુજ ઓછા માણસો કાશી, તક્ષશિલા, નાલંદા જેવા મોટા વિદ્યાલયોમાં ભણવા જતાં અને ત્યાં ભણીને શાસ્ત્રજ્ઞ બનેલા તે વિદ્વાનો શાસ્ત્રોના વિજ્ઞાનને ગામડે-ગામડે ફરી ધર્મ કથા-વાર્તાના સ્વરૂપે પહોંચાડતા. એટલે કે આલોક અને પરલોકમાં સુખી થવાના જ્ઞાન-વિજ્ઞાનને ધર્મની રીતે સમજાવતા હતા. આજે પરિસ્થિતિ બીલકુલ વિપરીત છે. આજકાલ આધુનિક ભણતરનું પ્રમાણ વધ્યું છે, વિજ્ઞાનની બોલબાલા છે એટલે સર્વજીવહિતાય ઋષિમુનિઓ, અવતારો કે સ્વયં પુરુષોત્તમનારાયણે લખેલા ધર્મોને આધુનિક વિજ્ઞાનની રીતે સમજાવવાની તાતી જરૂર છે. અને માટે જ આપણી અનેક **ધાર્મિક વિચારધારાઓ**ના **તથ્યો**ને આ લેખમાળામાં યથાશક્તિ વૈજ્ઞાનિક રીતે રજૂ કરવામાં આવ્યા છે.

ધર્મ અને વિજ્ઞાન બંને **ઊંડું સંશોધન** માગી લે તેવા વિષય છે. લાખો વર્ષ જૂની પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, રીત-રીવાજો, વ્રતોને કપોલ-કલ્પિત માની ઉપેક્ષા કરવાને બદલે એમાં થોડું ઘણું પણ સત્યરૂપી માખણ નીકળી શકે છે તેમ માની

આપણા આધુનિક વિદ્વાનોએ મનોમંથન કર્યું હોત તો ઘણા જ લાભકારક પરિણામ પ્રાપ્ત થયા હોત. અલબત, આપણી નવી પેઢી વિદેશી રીત-રીવાજો તરફ ક્યારેય ન આકર્ષાત. સત્યને શોધવાની ફરજ રૂપે જ આ લેખમાળાનું સર્જન થયું છે.

અહિં જે પ્રયાસ થયો છે તેમાં ક્યાંક **કચાશ** રહી ગઈ હોય અથવા ક્યાંક **અતિશયોક્તિ** લાગતી હોય તો આ બંને બાબતમાં **સંશોધન**ને પૂર્ણ અવકાશ છે. આપણા કેટલાય વ્રતો, તહેવારો અને ક્રિયાકાંડમાં છુપાયેલું **વૈજ્ઞાનિક તથ્ય** હવે વિદેશમાં પણ સાબિત થયું છે અને કેટલીય બાબતમાં સંશોધન થઈ રહ્યું છે. આ વિષય સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલી ત્યાગી અને ગૃહસ્થ ભક્તો માટેની **દિનચર્યા** અને **પંચવર્તમાનની મર્યાદા**નું શબ્દશઃ અનુસરણ કરીને ભગવાન શ્રીહરિ અને એમના સ્થાને વિરાજમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા તેઓને વ્હાલા સાચા સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત કરવા માટે રૂચિકર થશે એવી શ્રદ્ધા સાથે અહિં રજૂ કરવામાં આવેલ છે.

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં 'ગાગરમાં સાગર સમાવે તેમ **શાસ્ત્રોનો સાર** સમાવીને' ત્યાગી-ગૃહી સત્સંગીઓને આ લોક અને પરલોકમાં સુખી થવાના **સચોટ ઉપાય** બતાવ્યા છે. ભગવાન શ્રીહરિ સ્વયં **શિક્ષાપત્રી**માં લખે છે :-

'वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा । ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥' - અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે, તો તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. (શિક્ષાપત્રી : શ્લોક - ૨૦૬)

'तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः । त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥' - અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુધ્ધિવાળા છે અને આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. (શિક્ષાપત્રી : શ્લોક - ૯)

ભગવાન શ્રીહરિએ **'સર્વજીવહિતાય'** લખેલી **શિક્ષાપત્રી** મૃત્યુ પછી પરમપદને પમાડનારી તો છે જ, પરંતુ સાથે સાથે આ લોકમાં પણ તન-મન અને ધનથી સુખી રાખે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો દૃઢ આશ્રિત જે થયો હોય અને એમની એક-એક આજ્ઞા જે શબ્દશઃ પાળતો હોય તે ક્યારેય પણ અન્ન-ધન અને આશરે કરીને દુઃખી ન હોય. કારણ કે, મહાપ્રભુ શ્રીહરિએ પ્રવર્તાવેલી પ્રથાઓ, રીત-રીવાજો અને ધર્મોમાં સહેજે જ મનોવિજ્ઞાન, જીવવિજ્ઞાન, યોગ અને ઉચ્ચતમ જીવન શૈલીના **ઘણા રહસ્યો** છુપાયેલા છે. તેમાંથી થોડા રહસ્યો **'સમુદ્રમાંથી આચમન' ન્યાયે** આપણે અહિં જોઈએ.

## અહિંસાનું રહસ્ય :

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે :-

'कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः। सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥' - અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. (શિક્ષાપત્રી : શ્લોક - ૧૧)

અહિંસા વ્રત અતિ સૂક્ષ્મ અને ગહન છે. હિંસા કર્યા વિના તો આ સંસારમાં કોઈ પણ ભોગજનક પદાર્થની પ્રાપ્તિ થતી નથી. શારીરિક કોઈપણ કર્મ કરતી વખતે હિંસા તો થતી જ હોય છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી અર્થદીપિકા'**માં આ શ્લોકનું ભાષ્ય કરતા લખે છે કે, ''હિંસાનો **મુખ્યશ્રોત** બુદ્ધિ છે. બુદ્ધિ કોઈપણ વસ્તુનો નિર્ણય કરીને વચન તથા કર્મમાં મનને પ્રવૃત્ત કરે છે. બુદ્ધિમાં જેવો નિશ્ચય થાય છે એ પ્રમાણે મન શરીરને અને વાણીને પ્રવર્તાવે છે. તેથી જ્યારે સંપૂર્ણ સાત્ત્વિક બુદ્ધિ થાય ત્યારે જ હિંસાથી બચી શકાય છે.''

સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** સમજાવે છે કે, ''જીવપ્રાણી માત્રની હિંસા કરવી નહિ.'' તેમાં કદાચ કોઈ એમ સમજી બેસે કે શ્રીજીમહારાજે હિંસાનો નિષેધ કરેલો છે એ તો બકરા, મૃગલા આદિ મોટા પ્રાણિઓની હિંસાનો નિષેધ કર્યો છે. પરંતુ આવી મોટી હિંસા કરતા હોય તે તો શિક્ષાપત્રીને લાયક કહેવાય નહિ માટે ***ભગવાન શ્રીહરિ*** કહે છે કે, ''મારા આશ્રિતોએ જાણી જોઈને મચ્છર, માંકડ આદિ સૂક્ષ્મ જીવની પણ હિંસા ક્યારેય કરવી નહિ.'' અજાણતા જો નાની હિંસા થઈ જાય તો વ્રત-તપાદિકે કરીને એ પાપનો નાશ થઈ જાય છે. પરંતુ જાણી જોઈને કરેલા પાપો ક્યારેય નાશ પામતા જ નથી. આપણે પ્રાચીન શાસ્ત્રોમાં પણ અજાણતા થયેલા પાપો માટે જ પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે પણ જાણી જોઈને બુદ્ધિપૂર્વક કરેલા પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત જ નથી.

ભગવાન શ્રી **વેદવ્યાસજી** લખે છે :- 'कृत्वा पापं पूर्वमबुद्धिपूर्वं पुण्यानि चेत् कुरुते बुद्धिपूर्वम् । स तत्पापं नुदते धर्मशीलो वासो यथा मलिनं क्षारयुक्त्या ।।' - અર્થાત્ પુરુષે અજાણતા કોઈ પાપ કરી નાખ્યું હોય અને પછી જ્યારે તેને તે પાપની ખબર પડે, ત્યારે પશ્ચાત્તાપ પૂર્વક તે પાપના નિવારણને માટે જો કાંઈક પુણ્ય કરે, તો તે પુરુષ એ પાપને દૂર કરી શકે છે. જેમ મલિન વસ્ત્ર પાવડર કે સાબુના ક્ષાર વડે શુદ્ધ થઈ શકે છે તેમ. પરંતુ જાણી જોઈને કરેલું પાપ તો પ્રાયશ્ચિત્ત વડે પણ દૂર થઈ શકતું નથી.

હવે અહિં એ **પ્રશ્ન** થાય કે, આપણા શાસ્ત્રોએ અહિંસા પર આટલો બધો ભાર શા માટે મૂક્યો છે ? હિંસાને આટલું મોટું પાપ શા માટે ગણવામાં આવે છે ? તો વ્હાલા ભક્તજનો ! સમજાય એવી વાત છે કે, પરમાત્માએ આ સુંદર સૃષ્ટિ રચી છે તેના સૌંદર્યને માણવાનો બધાને સમાન **અધિકાર** છે. આ પૃથ્વી પર જીવવાનો જેટલો માણસનો અધિકાર છે તેટલો જ તમામ પશુ-પક્ષીઓ, જળચર-થલચર અને ખેચર બધાનો અધિકાર છે.

ક્યારેક કોઈ આપણાથી **સક્ષમ વ્યક્તિ** કોઈપણ પ્રકારના ગુના વગર આપણને જો એ થપાટ પણ મારે તો આપણને કેટલું દુઃખ થાય છે ? આપણે તો એ દુઃખને કોઈની પાસે વ્યક્ત કરી શકીએ છીએ અથવા તો કોઈપણ રીતે તેનો બદલો લઈને કે સામનો કરીને કે પછી ધીરજ ધારીને પણ સંતોષ માણી શકીએ છીએ. એનાથી પણ વધારે આ બાબતમાં વિચારીએ તો આપણે થોડા **આધ્યાત્મિક ચિંતનવાળા** હોઈએ તો આ દેહના નાશવંતપણાનો વિચાર કરીને પણ આપણે તે દુઃખમાંથી બહાર નીકળી શકીએ છીએ. પરંતુ કોઈપણ પ્રકારના ગુના વગર બિચારા નિર્દોષ પશુ-પક્ષી કે જીવજંતુઓની આપણે આપણા એક ક્ષુલ્લક જેવા સ્વાર્થ ખાતર વિના વિચાર્યે જ હિંસા કરી નાખીએ છીએ, તો એ બિચારા અવાક્, અલ્પમતિ, લાચાર, અલ્પશક્તિ પ્રાણીઓ કોઈને ફરિયાદ પણ નહિ કરે અને અકાળે મૃત્યુની દુઃખદ આહ સાથે પોતાનો દેહ છોડી દેશે. અને આપણે એના મોતનો નજારો બેશરમ બનીને હસતા-હસતા જોતા રહીશું અને આપણી જાતને હોંશિયાર અને શક્તિશાળી મર્દ સમજશું. પરંતુ આ સમયે એટલું **ચોક્કસ યાદ રાખવા જેવું** છે કે, **'જીસકા કોઈ નહિ ઉસકા તો ખુદા હૈ યારો...'** કર્મફળપ્રદાતા જગદીશ્વર બધાના રાય-રાયના લેખા લેશે. તેમના 'Always latest cctv camara'માંથી અનંત કરોડો બ્રહ્માંડોમાં કોઈ નથી છટકી શકતું તો પછી આપણું એમની સામે શું ગજું...!!!



“...ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના શ્લોકોમાં અહિંસાનો માત્ર કોરો ઉપદેશ નથી આપ્યો, પરંતુ અહિંસા ધર્મના સ્થાપનની તેઓએ પૂરજોશમાં ઝૂંબેશ પણ ઉપાડી હતી અને સાથે-સાથે તેઓ પણ સંપૂર્ણ અહિંસા પરાયણ વર્ત્યા હતા...”

ઘણા લોકોને આ બધી વાત કપોળ-કલ્પિત લાગે છે. અભણ ગામડીયા માણસોને ડરાવીને પોતાને વશ રાખવા માટે ભણેલા પંડિતોએ બનાવેલી કાલ્પનિક કથાઓ લાગે છે. પરંતુ આ કાલ્પનિક કથા બિલકુલ નથી. હિંસા નહિ કરવાના આપણા શાસ્ત્રોના આદેશની પાછળ કેટલાક **વૈજ્ઞાનિક કારણો** છુપાયેલા છે.

ધરતીકંપ, પ્રદૂષણ, દુકાળ, પૂર, હોનારતો, પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો વગેરે વિશે અનેક લોકો પોતપોતાની **ચિંતા** વ્યક્ત કરે છે અને છેલ્લે સમગ્ર દોષનો ટોપલો કાં તો ભગવાન ઉપર અને કાં તો સરકાર ઉપર ઢોળી દઈ છૂટા પડે છે. પરંતુ જો કહેવામાં આવે કે, અહિંસા ધર્મના ચુસ્ત પાલન માત્રથી ઉપરોક્ત સમસ્યાઓમાંથી મોટા ભાગની **સમસ્યાઓ** ઉકેલાઈ જાય તો આ વાત માનવામાં આવશે ખરી ? ના..., તેમ છતાં આ વાત બિલકુલ સત્ય છે...!! કઈ રીતે એ આપણે જોઈએ.

દિલ્હી ખાતેના ફિઝિક્સ અને અસ્ટ્રોફિઝિક્સના પ્રખ્યાત ડૉ. એમ.એમ. બજાજે એક પરિષદમાં જણાવ્યું હતું કે, મૂંગા પ્રાણીઓની નિર્દય કતલથી તે વખતે ઉત્પન્ન થતાં તેમના દયનીય આક્રંદનાદના અવાજથી 'ઈન્ફ્રા સોનિક' કિરણો પૃથ્વી પર દબાણ ઉત્પન્ન કરે છે. તેમાં પણ ગાયની કતલ વખતે ઉત્પન્ન થતાં ભાંભરવાના અવાજથી તો આ કિરણો પૃથ્વી પર પ્રચંડ દબાણ કરે તેટલા પ્રબળ હોય છે. તેના કારણે ધરતીકંપ થવાની ખૂબજ શક્યતા વધી જાય છે.

લંડનમાં પ્રકાશિત થયેલ પુસ્તક **'ધ ન્યુ ટ્રેઝરી ઓફ સાયન્સ'** માં જણાવ્યું છે કે, પૃથ્વી પર ચોતરફ હવાનું દબાણ હોય છે. જેને 'એટમોસ્ફિયરિક પ્રેશર' કહેવાય છે. અવાજના મોજા જ્યારે આ હવામાંથી પસાર થાય છે ત્યારે એની તાકાત પ્રમાણે પૃથ્વી પરના હવાના દબાણમાં વધારો-ઘટાડો નોંધાય છે. જે દુકાળ, પૂર, હોનારતો વગેરે જેવી અનેક કુદરતી આફતો માટે નિમિત્ત બને છે.

આપણે ત્યાં એક **કહેવત** છે કે, 'ભગવાન કોઈને લાકડી લઈને નથી મારતા.' આપણા શાસ્ત્રોના મત પ્રમાણે સ્વયં પરમેશ્વરે જ આ પૃથ્વીની એવી રચના કરી છે કે એમને વધારે મહેનત જ ન કરવી પડે. આગળ આપણે જોયું એમ હિંસા

કરનારને પરલોક જવાની વાત તો દૂર રહી, પણ આ લોકમાં જ પોતે તો મોટી આફત નોતરે છે અને સાથે સાથે બીજા કેટલાય નિર્દોષ મનુષ્યોને પણ આવી મોટી આફતોમાં ઘસડી જાય છે. પરંતુ સ્વયં પરમાત્મા સર્વકર્મફળપ્રદાતા હોવા છતાં પોતે આ કામ વચનામૃત પ્રમાણે કાળને સોંપી દે છે. સ્વયં કોઈપણ પ્રકારની દખલગીરી કરતા નથી. પરિણામે સર્જાય છે દુષ્કાળ, પૂર, વાવાઝોડું, ધરતીકંપ વગેરે અનેક હોનારતો. જેમાં દોષિતોની સાથે ઘણા નિર્દોષો પણ અસરગ્રસ્ત થાય છે. માટે આપણા શાસ્ત્રો કહે છે :- 'अहिंसा परमो धर्मः ।'



"...ભગવાન શ્રી સ્વામિનારાયણે **જોબન વડતાલો, મૂંજો સુરુ,** ઉપલેટાના **વેરાભાઈ,** ભંકોડાના **ભૂપતસિંહ, જસો કામળીયો, લાખો કોળી, કંથારીયા ગ્રામજનો, બોચાસણના કાશીદાસ** (ગળીના કૂંડ બંધ કરાવ્યા.), મોડા ગામના **ભરવાડો** તથા **ગરાસીયા,** મેંગણીના **અભેસિંહ વગેરે** ઘણા મહાભરાડી લૂંટારુઓ કે પછી વ્યાપારને બહાને હિંસા કરતા વ્યક્તિઓને ભગવાન શ્રીહરિએ અહિંસક ધર્મનું ચુસ્ત પાલન કરતા પરમ **એકાંતિક ભક્તો** બનાવ્યા હતા..."

વૈજ્ઞાનિકો બતાવે છે કે, બીજા પ્રાણીઓની **કતલ**ની આ પૃથ્વીના વાતાવરણ પર **ખરાબ અસર** થાય છે તે કરતાંય ઘણી વધારે ખરાબ અસર ગાયની કતલથી થાય છે. એનું કારણ પણ કદાચ એ જ હોય કે આપણા શાસ્ત્રોએ ગાયને અતિ પવિત્ર કહી છે. શ્રી સત્સંગિજીવન મહાગ્રંથમાં તો તમામ મૂંગા પ્રાણીઓની કતલથી ગાયની કતલને **મોટું પાપ** કહ્યું છે.

ગાયની પવિત્રતા બાબતે **વૈજ્ઞાનિક કારણો** પણ આપણે જોઈએ.

આરોગ્યની પ્રાપ્તિ માટે એક ઔષધી રૂપે **ગાયના દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્ર** અકસીર છે. ચોમાસામાં ભેંસનું દૂધ ભારે હોય છે. જ્યારે ગાયનું દૂધ સહેલાઈથી પચી જાય છે. ભેંસની સરખામણીએ ગાય વધુ સ્ફૂર્તિવાળી અને ચપળ હોય છે. 'અન્ન એવો ઓડકાર'ને ન્યાયે ગાયના દૂધથી સ્ફૂર્તિ આવે છે જ્યારે ભેંસના દૂધથી જડતાપણું અને શિથિલતા શરીરમાં આવે છે. ગાયનું ઘી આયુર્વેદિક ઉપચારમાં **અકસીર ઔષધી** તરીકે છૂટથી વપરાય છે. શરીર જ નહિ પણ વાતાવરણની શુદ્ધિ માટે પણ ગાયનું ઘી ઉત્તમ છે. યજ્ઞમાં જ્યારે ચોખાની સાથે ગાયનું ઘી મિશ્ર કરીને આહુતિ આપવામાં આવે છે ત્યારે **એસીટીલીન** નામનો વાયુ ઉત્પન્ન થાય છે, જે પ્રદૂષિત વાયુને પોતાની તરફ ખેંચી શુદ્ધ બનાવે છે. આની સાથે બીજા ચાર વાયુ ઈથીલીન ઓક્સાઈટ, પ્રોયોલીન ઓક્સાઈટ, ફોર્મલ ડીહાઈટ અને બીટા-પ્રોપિયો લેરયેન ઉત્પન્ન થાય છે જે તન અને મનની વ્યાધિઓને દૂર કરવાની **ક્ષમતા** ધરાવે છે.

ઈટાલીના **ડો. બિગ્રેટ** જણાવે છે કે, ગાયના તાજા છાણની વાસ માત્રથી તાવ અને મેલેરિયાના રોગાણુંઓ દૂર ભાગે છે. સૂર્યના પ્રખર કિરણો પૃથ્વી પર પડતા હોય ત્યારે કેટલાક હાનિકારક કિરણો પણ શરીર પર પડતા હોય છે. રશિયન વૈજ્ઞાનિકોના મતાનુસાર ગાયના છાણથી લિંપીને બનાવેલ ઘરની છત-દિવાલ કે તળીયું આવા હાનિકારક કિરણોને પ્રવેશતા રોકે છે. ગાયના છાણને સુકાવીને બનાવવામાં આવતા ટુકડાઓને બાળવાથી ઉત્પન્ન થતો વાયુ ઔષધી તત્ત્વથી ભરપૂર હોય છે. જે રોગના જંતુઓનો નાશ તો કરે જ છે સાથે સાથે વાતાવરણ પણ સત્ત્વગુણી કરે છે.

સમગ્ર જીવપ્રાણી માત્ર ભગવાનની **અદ્ભુત કળા**ના અદ્વિતીય **નમૂના** છે. પશુ-પંખી વગરની પૃથ્વી પર કદાચ એકલા-અટૂલા માણસને જ ભગવાને મૂક્યો હોત તો એનું જીવન જીવવું જ અશક્ય બની જાત. આવી અનમોલ કુદરતી સંપતિને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવાનો કોઈપણ મનુષ્યને કોઈ અધિકાર નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના શ્લોકોમાં અહિંસાનો માત્ર કોરો ઉપદેશ નથી આપ્યો, પરંતુ અહિંસા ધર્મના સ્થાપનની તેઓએ પૂરજોશમાં ઝૂંબેશ પણ ઉપાડી હતી અને સાથે-સાથે તેઓ પણ સંપૂર્ણ અહિંસા પરાયણ વર્ત્યા હતા.

શ્રીજીમહારાજના સમયમાં આખા ભારતમાં, તેમાંય આજે **અહિંસાપ્રધાન** ગણાતા ગુજરાતમાં કાલી, અંબા, શીતળા, બળિયાકાકા, ભૈરવ વગેરેની શાંતિ માટે વ્હેમથી એટલી બધી **જીવહિંસા** થતી કે, તેને રોકવા ભગવાન શ્રીહરિને રૂઢિચુસ્ત માણસો સામે લડત ચલાવવી પડી હતી. એટલું જ નહિ, પણ પોતાના જીવનને પણ જોખમમાં નાખવું પડ્યું હતું. અને ઘણા સાથે તે માટે શાસ્ત્રાર્થ પણ કરવા પડ્યા હતા. હિંસામય યજ્ઞો બંધ કરાવવા ઘણી મહેનત ઉઠાવવી પડી હતી. તેઓને મન સદ્ધર્મની સ્થાપના માટે હિંસાની નાબૂદી એ

**પાયાનો પ્રશ્ન** બન્યો હતો. આ સિવાય વહેમોનો કે ભૂતપ્રેતનો ઉપદ્રવ પણ કાંઈ ઓછો નહોતો. ભાગ્યે જ કોઈ મનુષ્ય સાધારણ રીતે ભૂતયોનિને પ્રાપ્ત થયું ન હોય, ભાગ્યે જ કોઈ કોઈ એવી પોળ કે શેરી હશે કે જ્યાં એકાદ ઘર ભૂતશાળા તરીકે પ્રસિદ્ધિને પામ્યું ન હોય. અને એ ભૂતોના ઉપદ્રવથી બચવા જીવહિંસા થતી ન હોય. આવા વહેમોને દૂર કરી અહિંસા ધર્મના સ્થાપન માટે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણને ઘણા જ પ્રયત્નો કરવા પડ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે **જોબન વડતાલો, મૂંજો સુરુ,** ઉપલેટાના **વેરાભાઈ,** ભંકોડાના **ભૂપતસિંહ, જસો કામળીયો, લાખો કોળી, કંથારીયા ગ્રામજનો, બોચાસણના કાશીદાસ** (ગળીના કૂંડ બંધ કરાવ્યા.), મોડા ગામના **ભરવાડો** તથા **ગરાસીયા,** મેંગણીના **અભેસિંહ વગેરે** ઘણા મહાભરાડી લૂંટારુઓ કે પછી વ્યાપારને બહાને હિંસા કરતા વ્યક્તિઓને ભગવાન શ્રીહરિએ અહિંસક ધર્મનું ચુસ્ત પાલન કરતા પરમ **એકાંતિક ભક્તો** બનાવ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કરજીસણ, કંથારીયા, ભાડેર વગેરે સેંકડો ગામડાઓમાં માતાજીના મંદિરમાં બલિ કે નૈવેદ્ય નિમિત્તે પાડા, બકરાં વગેરેની થતી હિંસાઓને અટકાવીને સાત્ત્વિક નૈવેદ્ય દ્વારા દેવીઓને તૃપ્ત કરવાની પ્રથાઓ ચાલુ કરાવી હતી.

મહેમદાવાદનો શક્તિપંથી વિપ્ર બંસીધર અને ભુજનો જગજીવન તેમજ તેના ભાઈઓ વગેરે ઘણા હિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરનારા બ્રાહ્મણોને યોગ્ય બોધપાઠ ભણાવી ભગવાન શ્રીહરિએ હિંસામય યજ્ઞોનું ઉત્થાપન કરીને અહિંસામય યજ્ઞોની શરૂઆત કરી હતી.

ગુજરાતની ગળી દેશ-પરદેશમાં વખણાતી હતી અને તેની ઘણી માંગ પણ હતી. તેનું વાવેતર કમાઉં સાધન હતું. સરખેજ તથા ખેડાના આજુ-બાજુના ગામડાઓમાં આનું વાવેતર મોટા પ્રમાણમાં થતું. એના છોડને સડવા દેવામાં આવતા એટલે તેમાં જીવાંત થતી. ત્યારપછીની પ્રક્રિયામાં પણ ખૂબ મોટા પ્રમાણમાં જીવહિંસા થતી. એનું કામ કરનાર માટે પણ એની ઝેરી રજ નુકસાન કરતી. શ્રીજીમહારાજે હિંસાને રોકવા માટે આ ધીકતો ધંધો બંધ કરાવ્યો ને તેના વાવેતરની જગ્યાએ શેરડી જેવા પાક તરફ લોકોને પ્રેર્યા.

આ ઉપરાંત સતીપ્રથા અને દીકરીને દૂધપીતી કરવાના રીવાજનો અંચળો ઓઢી કરવામાં આવતી સ્ત્રીહત્યાના વિરોધમાં જેહાદ જગાવીને સમગ્ર ગુજરાતને અહિંસક કરવાની પહેલ ભગવાન શ્રી સ્વામિનારાયણે કરી હતી. પોતે તો ક્યારેય લીલીભાજીને પણ વિના પ્રયોજન ન તોડતા, એટલું જ નહિ પરંતુ તેઓના યોગમાં જે જે આવ્યા તે બધાને પણ અહિંસાધર્મ પ્રવર્તક બનાવી દીધા હતા...!!!

ભગવાન શ્રી સ્વામિનારાયણ અહિંસાના એટલા બધા હિમાયતી હતા કે, પોતાના સમગ્ર જીવનકાળ દરમ્યાન ફક્ત એકજ વાર એક છોકરાને સાપથી બચાવવા માટે લપાટ મારી હતી અને તે છોકરાને રાજી કરીને પોતાનું દિવ્યધામ આપવાનું વરદાન આપીને પ્રાયશ્ચિત્ત પણ કરી લીધું હતું. તો પછી બીજા જીવનની હિંસા તો તેઓએ કરી જ ક્યાંથી હોય...!! સર્વજીવ પ્રાણી માત્રના જન્મ અને કર્મફળ પ્રદાતા હોવાને નાતે તેઓ જીવનનું મૂલ્ય સારી રીતે સમજતા હતા માટે તેમણે શિક્ષાપત્રીની શરૂઆતમાં જ અહિંસાનો ઉપદેશ કર્યો છે.

આ વિષય પર છેલ્લી એક **જાણવા જેવી વાત :**

શાંતિના દૂત સમા કબૂતરથી આપણે સહુ પરિચિત જ છીએ. ગામના ચબૂતરામાં કે ચોકમાં દાણા નાખવામાં આવે અને આનંદ-કિલ્લોલથી ગીતો ગાતા કબૂતરો જ્યારે તે દાણા ચરીને ઘણીવખત અચાનક એક સાથે ઊડતા હોય છે. કબૂતરો જ્યારે આવી રીતે એક સાથે આનંદથી ઉડાન કરે ત્યારે તેમની પાંખોના ફફડાવાથી જે વાયુ ઉત્પન્ન થાય છે તે બાળકોને પોલીયોના રોગથી બચવામાં ખૂબ ઉપયોગી છે એમ આપણું આયુર્વેદ કહે છે...!!

## માંસભક્ષણ શા માટે ન કરવું ?

ભગવાન શ્રી સ્વામિનારાયણે જે ગાય કે ભેંસનું દૂધ પીતા હોય તે ગાય કે ભેંસની નીરણ કે ચારામાં ભૂલથી પણ લસણની કળી આવી ગઈ હોય તો પણ એમને દૂધમાં લસણની દુર્ગંધ આવતી અને ભગવાન શ્રીહરિ તે દૂધ ન પીતા, તો પછી મદ્યમાંસ તો તેઓ ખાય જ ક્યાંથી...? અરે ! તેઓ તો ક્યારેય ન ખાતા પણ તેમના આશ્રિત ભક્તો માટે પણ એમણે શિક્ષાપત્રીમાં તે યજ્ઞની પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ ન ખાવું એવી કડક આજ્ઞા કરી છે. કારણ કે, તેઓ પોતે તેમ વર્ત્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રી**માં લખે છે :- न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् । न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું ॥૧૫॥

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતા 'શિક્ષાપત્રી - અર્થદીપિકા'માં લખે છે : ''જેમ બીજાના વધથી અને પોતાના વધથી દૂર રહેવું, એ જ રીતે માંસભક્ષણથી પણ દૂર રહેવું. યજ્ઞ કરતા બાકી રહેલા માંસનું ભક્ષણ કરવું નહિ. જો

કે ભક્તો તો મોક્ષમાર્ગે રહેલા હોવાથી ક્યારેય પણ હિંસામય યજ્ઞ કરે જ નહિ, પરંતુ બીજા કોઈએ હિંસામય યજ્ઞ કર્યો હોય અને તેમાં પોતાને આમંત્રિત કર્યા હોય, અને તે યજ્ઞમાં દેવ તથા પિતૃઓને માંસ અર્પણ કરેલું હોય એવું જે પ્રસાદીનું માંસ હોય છતાં પણ મારા આશ્રિતોએ ભક્ષણ કરવું નહિ. માંસ તો સર્વ અપવિત્ર વસ્તુઓમાં સર્વથી અધિક અપવિત્ર છે. તેના સ્પર્શનો પણ ત્યાગ કરવો ઘટે તો પછી માંસનું ભક્ષણ તો થાય જ ક્યાંથી?''

માંસ શા માટે ન ખાવું ? એ માટેના ઘણા કારણો છે. તેમાંથી સૌથી **પહેલું કારણ** એ છે કે, માણસ માટે તે અપ્રાકૃતિક છે. જીભના ચબકારથી પાણી પીનારા કૂતરાં, બિલાડા, સિંહ, વાઘ વગેરે જાનવરો માટે માંસ પ્રકૃતિભક્ષ્ય ગણી શકાય. પરમાત્માએ તેમના દાંત, દાઢ, નખ અને આમાશય વગેરે બધાજ એ પ્રકારના બનાવ્યા છે. પરંતુ ઘૂંટ-ઘૂંટ કરીને પાણી પીનારા ગાય, ભેંસ, મનુષ્ય વગેરે જીવો માટે માંસ પ્રાકૃતિક ભક્ષ્ય નથી. કારણ કે, એમના અંગો માંસાહારીઓની જેમ ઝટકો મારીને પડાવી લે - ખેંચે, પગથી દબાવે, ચીરી નાખે કે ફાડી ખાય તેવા નથી. આ જ કારણ છે કે, મનુષ્યને બાદ કરતા અન્ય કોઈ ઘૂંટ-ઘૂંટ કરીને પાણી પીનારા જીવ સ્વભાવે માંસાહારી નથી.

**બીજું કારણ** એ છે કે, માંસાહાર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે જીવ હત્યાને જ પ્રોત્સાહન મળે છે. અને આપણે આગળ 'અહિંસાના રહસ્ય'માં જોયું તેમ હિંસાવાદી માણસ આધ્યાત્મિક માર્ગને લાયક જ નથી. તે જ રીતે માંસાહારી વ્યક્તિ ક્યારેય પણ મોક્ષપથનો પથિક નથી થઈ શકતો. કારણ કે, તેનું અંતઃકરણ પશુતામય પરમાણુઓ દ્વારા પરિપુષ્ટ થયેલું હોવાના કારણે તે ક્યારેય પણ સાત્ત્વિક નથી થઈ શકતું. માંસ ખાનાર શરાબ જરૂર પીશે અને દારૂડીયો તથા માંસાહારી વ્યભિચારી હોવાનો જ..!! આ બધી વસ્તુઓ તામસી અને મોક્ષમાંથી પાડનારી છે. વૈજ્ઞાનિક માન્યતાઓ પ્રમાણે જેવો આહાર વ્યક્તિ લેશે તેવા જ તેના શરીર અને મન-મસ્તિષ્કમાં વિચારો ઊઠશે. માટે સંતો પણ કહે છે : 'જેવું ખાશે અન્ન, તેવું થશે મન; જેવું પીશું પાણી, તેવી હશે વાણી.'

**ત્રીજું કારણ** એ છે કે, મોટા ભાગે માંસ ભૂંડ, કૂકડાઓ અને માછલાં - આ ત્રણ જીવોનું ખાવામાં આવે છે. બધા જાણે જ છે કે, આ ત્રણે પ્રાણી મળભક્ષક છે. ભૂંડને તો આપણે પ્રત્યક્ષ રીતે જ મળ-વિષ્ઠા ખાતા જોઈએ છીએ, પાણીમાં પડેલ મળ માછલી તરત ખાઈ જાય છે. કૂકડો તો મનુષ્યના કોગળા કરવાના અવાજથી જ દોડી આવે છે અને થૂંક વગેરે પૃથ્વી પર પડતા પહેલા તો ચટ કરી જાય છે. આવી ગંદી મળવિષ્ટાથી તૈયાર થયેલ વસ્તુઓ ખાવી માણસ માટે યોગ્ય નથી.

માંસભક્ષી લોકો માંસમાં વિટામીનની ઘોષણા કરતા ફરે છે. અરે ! કાલે કોઈ કહેશે કે, વિષ્ટામાં પણ કોઈક ખાસ પ્રકારના વિટામીન છે તો શું તેને ભોજ્ય-પદાર્થ તરીકે ગણતરીમાં લેવાશે ?

**ચોથું કારણ** એ છે કે, જે જાનવરનું માંસ તમે ખાવ છો તે બિમાર હશે તો તેનું ઝેર તેના સમગ્ર શરીર, રક્ત, માંસ, મજ્જામાં હશે. એવું માંસ ખાવાથી 'Botulinus' નામની ઘાતક બિમારી થાય છે. જે કિડની-મૂત્રપિંડ પર અસર કરે છે અને મનુષ્યના મૃત્યુનું કારણ બને છે. ઘેટાના માંસથી 'Hydatid' નામનો ખતરનાક રોગ થાય છે, જે પ્રાણઘાતક છે. માંસ ખાનાર વ્યક્તિઓના મૂત્રપિંડ, પાંચનતંત્ર જલ્દી ખરાબ થઈ જાય છે. પશુઓની માફક તેઓ એકદમ હાંફવા લાગે છે.

આ બધા ઉપરાંત **આશ્ચર્યજનક તથ્ય** એ છે કે, દુનિયાના બધા જ માંસભક્ષી વૈજ્ઞાનિક તથા ડૉકડરો મળીને આજ સુધી એ સાબિત નથી કરી શક્યા કે શું 'માંસ અને ઈંડા' પોતાની રીતે સંપૂર્ણ ભોજન છે ? માંસમાં અતિમાત્રામાં પ્રોટીન હોય છે પણ અન્ય પોષક તત્ત્વોનો બિલકુલ અભાવ હોય છે. જેવી રીતે 'દૂધ' - જે વૈજ્ઞાનિકોએ સંપૂર્ણ ભોજન જાહેર કરેલું છે. કારણ કે, દૂધમાં સારા એવા પ્રમાણમાં પ્રોટીન ઉપરાંત ફેટ, કાર્બોહાઈડ્રેટ, ગ્લુકોઝ, એન્ઝાઈમ વગેરે અનેક જીવનદાયક પોષક તત્ત્વ હોય છે, જેના પરિણામે ફક્ત દૂધના આધારે વ્યક્તિ જીવતો રહી શકે છે. નવજાત શિશુને દૂધને સ્થાને લોહી અથવા માંસ ખવરાવવામાં આવે તો એ અચૂક મૃત્યુ જ પામે. આપણી પાસે વૈજ્ઞાનિક, વ્યવહારિક તેમજ નૈતિક રીતે પ્રમાણિત સંપૂર્ણ સુરક્ષિત અમૃત ભોજન દૂધ હોવા છતાં અપૂર્ણ, અસુરક્ષિત, દુર્ગંધયુક્ત પ્રાણી-ભોજ્યની કોઈ સાર્થકતા ખરી ?

જેવી રીતે માંસભક્ષણ માનવ માટે સંપૂર્ણ **અહિતકારી** છે તે જ રીતે **'સુરાપાન'** એટલે કે દારૂનું સેવન અને મદ્યપાન એટલે બીયર વગેરે જેવા કેફી પદાર્થોનું સેવન સર્વથા અહિતકારી છે. લાખોની સંખ્યામાં જીવહિંસા થાય ત્યારે એક બુંદ જેટલી શરાબ બને છે...!! અને આપણે આગળ જોયું તેમ કોઈપણ પ્રકારની **જીવહિંસા**નો અધિકાર માણસને ક્યારેય પણ નથી. અને વળી તન-મન-ધન અને મહામૂલા માનવદેહના કિંમતી સમયની **બરબાદી** તો લટકામાં...!!!

**દારૂ શા માટે ન પીવો જોઈએ ?** એનો ઉત્તર આપતા આજનું **આધુનિક વિજ્ઞાન** પણ કહે છે કે, દારૂ પરિશુદ્ધ ઈંધણ છે. ઘૂંટડો ભરતા જ તે લોહીમાં ભળે છે અને થોડી ક્ષણોમાં મગજમાં પહોંચે છે. ત્યાં આવરણ રૂપ નવવલ્કુટમાં સભ્યતા

અને શિષ્યતાનું સંચાલન કરતી ચેતનાઓના કાર્યમાં તે વિક્ષેપ કરે છે. 'G.A.B.A' નામની ચેતાપ્રેષિકાઓનું કાર્ય અવરોધ-વાથી 'આમ થાય - આમ ન થાય' એ વિવેક જતો રહે છે.

મદિરાની માત્રા વધતા તે મગજના ઊંડાણમાં પ્રવેશે છે. આથી ઘણીવાર નિદ્રાની સ્થિતિ ઉત્પન્ન થાય છે. ઘણીવાર માણસ ઝઘડાળું બને છે. સામેની વ્યક્તિના ચહેરા પર ન હોય છતાં ક્રોધાદિના લક્ષણો તેને દેખાય છે માટે આવું બને છે.

મગજની લંબમજ્જા શ્વાસનું સંકલન કરે છે. મદિરાની માત્રા વધારે સંકેન્દ્રીત થાય તો આ ભાગનું કાર્ય અટકે છે. વ્યક્તિને ગુંગળામણ થઈ પ્રાણવાયુના અભાવે તે મરણ પામે છે. આ સ્થિતિ સર્જાય ત્યારે તેના નિવારણનો કોઈ ઉપચાર જ નથી...!! માટે મદ્યમાંસનું સેવન માનવજાત માટે સદા-સર્વદા અને સર્વથા અયોગ્ય જ છે. તો ચાલો..., આપણે આપણા દેશને **'ઈન્ડિયા'માંથી ફરી 'ભારત'** બનાવવાની શરૂઆત આજથી જ શુદ્ધ શાકાહારી અને સાત્ત્વિક આહારયુક્ત સમાજ નિર્માણના શપથથી કરીએ અને તેના માટે આપણાથી શક્ય તેટલા બધા જ પ્રયાસ કરીએ તો જ ખરેખર આપણે આપણા હિન્દુ ધર્મના અહિંસા અને શાકાહારના રહસ્યને સમજ્યા છીએ, અલબત તો જ આપણે હિન્દુ છીએ...!!!



"...વર્ણાશ્રમની વ્યવસ્થાના કારણે દરેક વર્ણની કેટલીય ઉપજાતિઓ જ્ઞાતિના રૂપમાં બહાર આવી. આજે ઘણા કહેવાતા બુદ્ધિજીવીઓ **જ્ઞાતિપ્રથા**નો વિરોધ કરે છે. પરંતુ એ કેટલી **સમાજ ઉપયોગી** થઈ શકે તેમ છે એ રહસ્યને જાણ્યા પછી કદાચ તેમનો **અભિપ્રાય** બદલાઈ પણ શકે...!!"

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **શિક્ષાપત્રી**ના **શ્લોક - ૨૨**માં 'જે દેવતાઓની આગળ સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને બકરાદિક જીવોની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું.' એવી આજ્ઞા કરી છે. ૩૧માં શ્લોકમાં ભગવાન શ્રીહરિ પોતાના આશ્રિતોને સાવધાન કરતા કહે છે કે, જે ડૉક્ટરથી આપણે પૂરા પરિચિત ન હોઈએ તેવા ડૉક્ટરે આપેલ ઔષધ પણ ક્યારેય ન ખાવું. બંને આજ્ઞાઓનો હેતુ અહિંસા અને મદ્યમાંસથી દૂર રહેવાનો જ છે.

અહિં ઘણાને કદાચ એમ **શંકા** થાય કે, આ જમાનામાં ડૉક્ટરોથી આપણે સંપૂર્ણ પરિચિત કઈ રીતે હોઈ શકીએ ? એ મદ્યમાંસ વગરની જ દવા આપશે એની શી ખાતરી ? તો આનો **ઉત્તર** એટલો જ છે કે, અત્યારે દવાના પેકિંગની ઉપર જ; દવામાં ક્યા ક્યા રસાયણો ઉમેરવામાં આવ્યા છે એ લખેલું હોય છે. તે વાંચી લેવું અને કદાચ મેડીકલની રાસાયણિકભાષા ન સમજાય તો ડૉક્ટર કે મેડીકલવાળાને જ પૂછી લેવું. પરંતુ મદ્યમાંસથી તો દૂર જ રહેવું.

ભગવાન શ્રી સ્વામિ-નારાયણે **શિક્ષાપત્રી**ના ૩૦માં **શ્લોક**માં લખ્યું છે કે, ગાળ્યા વિનાનું જે પાણી, દૂધ તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવજંતુઓ હોય એવા જળથી સ્નાન વગેરે ક્રિયાઓ ન કરવી. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતા 'શિક્ષાપત્રી - અર્થદીપિકા'માં કહે છે : ''કોઈપણ પ્રવાહીનો ખોરાક તરીકે ઉપયોગ ગાળ્યા વગર ન કરવો.'' બધી આજ્ઞાઓ કરવા પાછળ ભગવાન શ્રીહરિનો મુખ્ય હેતુ મદ્ય અને માંસ ભક્ષણ ન કરવાનો જ છે. કારણ કે, ગાળ્યા વગરના પ્રવાહિ પદાર્થોમાં ઘણા સૂક્ષ્મ જીવાણુંઓ હોય છે. માટે પાણી, દૂધ, તેલ, ઘી વગેરે પ્રવાહિ પદાર્થને ગાળ્યા વગર પોતાના ખોરાક તરીકે ઉપયોગ કરવાથી પોતાના શરીરમાં જાય છે જેનાથી પોતાનું સ્વાસ્થ્ય તો ખરાબ થાય જ છે, પરંતુ સાથે-સાથે માંસભક્ષણનો દોષ પણ લાગે છે. જ્યારે સુતરાઉ કપડાંથી આ પ્રવાહિ પદાર્થોને ગાળવામાં આવે ત્યારે જ આ પદાર્થોમાંથી સૂક્ષ્મજીવાણુંઓ અથવા અનિચ્છ સૂક્ષ્મ પદાર્થો સૌથી વધારે પ્રમાણમાં દૂર થાય છે અને પ્રવાહિ શુદ્ધ થાય છે, જીવાણુંઓથી રહિત થાય છે. અને સ્વાસ્થ્ય વર્ધક બને છે. માટે દરેક પ્રવાહિને પ્લાસ્ટીક વગેરે પદાર્થથી બનેલા ગળણાથી ન ગાળવા, પરંતુ સુતરાઉ કાપડથી જ ગાળવા એવો ભગવાન શ્રીહરિનો આશય છે.

## વર્ણાશ્રમ ધર્મ એટલે સુંદર સમાજ વ્યવસ્થા

મહાપ્રભુ શ્રીહરિ **શિક્ષાપત્રી**ના **શ્લોક - ૨૪**માં જણાવે છે કે :- स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् । परधर्मो न चाचर्यो न च पाषण्डकल्पितः ॥ અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો ને પરધર્મનું આચરણ

ન કરવું. તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું.

શ્રીજીમહારાજે આ શ્લોકમાં ‘મારા આશ્રિતોએ વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવું.’ આમ નહિ કહેતા ‘કોઈ સત્સંગીએ વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરવો નહિ’ આવા વાક્યનો **વિશેષ પ્રયોગ** કર્યો છે એનું કારણ એ છે કે, જીવનમાં કોઈવાર ભગવાનના એકાંતિક ભક્તો પણ ભક્તિ અને જ્ઞાનના બળથી વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરી દેતા હોય છે. આવા પ્રસંગો ક્યારેક બનતા હોય છે તેના નિવારણ માટે જેને ભક્તિ અને જ્ઞાનનું બળ હોય, એવા પુરુષે પણ જ્યાં સુધી સ્મૃતિ હોય ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરવો જોઈએ નહિ તો પછી બીજા સામાન્ય સ્થિતિવાળા માણસોએ તો અવશ્ય એ ધર્મને અનુસરવું જ જોઈએ - આવો ભગવાન શ્રીહરિનો **અભિપ્રાય** છે.

વળી, ધર્મ સર્વે **સાધનોનું મૂળ** છે. ભગવાનની પ્રાપ્તિના સર્વે સાધનોમાં ધર્મની ઘણી જ **વિશેષતા** કહી છે. ધર્મ વિના નથી જ્ઞાનની પ્રાપ્તિ થતી કે નથી થતી ભક્તિની પ્રાપ્તિ. તેથી સર્વે સાધનોના મૂળરૂપ જે ધર્મ તેનો જો ત્યાગ કરી દેવામાં આવે તો સર્વે સાધનોનું મૂળ જ છેદાયું કહેવાય. **‘मूले नष्टे कुतः शाखा’** જેમ કોઈ વૃક્ષનું મૂળ છેદાઈ જાય તો તે વૃક્ષની ડાળીઓ આપોઆપ જ સુકાઈ જાય તેમ ધર્મનો ત્યાગ કરવાથી સર્વે સાધનો છેદાણા કહેવાય છે.

ગૃહસ્થના ધર્મો ત્યાગી માટે **પરધર્મ** કહેવાય અને ત્યાગીઓના ધર્મ ગૃહસ્થ માટે પરધર્મ કહેવાય. આમ પરસ્પર એકબીજાના જે ધર્મ તેને પરધર્મ કહેવાય છે. ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૫૨માં **વચનામૃત**માં કહે છે : “આ સંસારને વિષે ગૃહસ્થાશ્રમી ને ત્યાગી એ બેના માર્ગ જુદા જુદા છે. તે જે ગૃહસ્થને શોભા હોય તે ત્યાગીને દૂષણરૂપ હોય, અને જે ત્યાગીને શોભા હોય તે ગૃહસ્થને દૂષણરૂપ હોય. તેને બુદ્ધિમાન હોય તે જાણે પણ બીજો જાણી શકે નહિ, માટે તેની વિક્તિ કહીએ છીએ જે, જે ગૃહસ્થાશ્રમી છે તેને ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં, ભારેભારે



“...બીજી **સત્ય હકીકત** એ પણ છે કે, આપણા દેશને બ્રહ્મનિષ્ઠ સંતોથી માંડી કુશળ કલાકારો વગેરે મહાપુરુષો આ વંશવારસાગત વર્ણવ્યવસ્થાને કારણે જ મળ્યા છે. છેલ્લા બ્રહ્માંડનું સર્જન થયું ત્યારથી અત્યાર સુધીમાં આખી દુનિયાના મળીને જેટલા સંતો-મહાત્માઓ, ધાર્મિક પુરુષો, રાજકીય પુરુષો, વીરપુરુષો, નિષ્ણાંત વ્યવસાયકો થયા છે એના કરતા અનેકગણા વધુ ભારતની પુણ્યભૂમિમાં થયા છે. આ બાબત સર્વમાન્ય અને સર્વ સ્વીકાર્ય જ છે..!!”

વસ્ત્ર, આભૂષણ એ સર્વે પદાર્થ શોભારૂપ છે. અને એજ જે સર્વે પદાર્થ તે જે ત્યાગી હોય તેને દોષરૂપ છે. અને ત્યાગી છે તેને વનમાં રહેવું, વસ્ત્ર વિના ઉઘાડું એક કૌપીનભર રહેવું, માથામાં ટોપી ઘાલવી, દાઢી મુછ મુંડાવી નખાવવી, ભગવાં વસ્ત્ર રાખવાં અને કોઈ ગાળો દે, ને કોઈ ધૂળ નાખે, તે અપમાનને સહન કરવું, એજ ત્યાગીને પરમ શોભારૂપ છે. અને એ ત્યાગીની જે શોભા તે જ ગૃહસ્થને પરમ દોષરૂપ છે.”

ભગવદ્ ગીતામાં કહ્યું છે :- **‘स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।’** પોતાના ધર્મમાં રહીને જીવન વ્યતીત કરવું એ કલ્યાણકારી છે. પરંતુ પરધર્મ છે એ તો ભય આપનારો છે. માટે પરધર્મનું કદી પણ આચરણ કરવું નહિ.

**પાખંડધર્મ અને કલ્પિતધર્મ એટલે** વેદોની મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને અસામાજીક તત્ત્વો અથવા તો આસુરી તત્ત્વો અથવા તો પોતાની ઈન્દ્રિયપરાયણ લોકો દ્વારા ઉપજાવવામાં આવેલા ધર્મો. આવો ધર્મ પણ સદા **ત્યક્તવ્ય** જ છે.

હજારો વર્ષ જૂના શાસ્ત્રોમાં બતાવેલી અને ભારતીય સમુદાયે અપનાવેલી આ અદ્‌ભુત **વર્ણવ્યવસ્થા** વિષે કેટલાય લોકો એવું માને છે કે, આ વ્યવસ્થા બ્રાહ્મણોએ પોતાના સ્વાર્થ માટે ઉપજાવી કાઢી હતી. પરંતુ **હકીકત** એ છે કે, ચારે વર્ણ ઉત્પન્ન થતા પહેલા જ આ વ્યવસ્થાની વાત ઋષિમુનિઓએ શ્રુતિના રૂપમાં સાંભળીને પછી જ તેને ગ્રંથસ્થ કરી અને તેનો અમલ પણ કર્યો. બ્રાહ્મણ તો એ વ્યવસ્થાનું એકમાત્ર અંગ હતા. તે સમયે બ્રાહ્મણને બ્રાહ્મણ હોવાના કોઈ વિશેષ લૌકિક ફાયદા ન હતા. તેમનું કાર્ય જેટલું મનાય છે તેટલું સહેલું પણ ન હતું. બ્રાહ્મણને વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં તૈયાર થઈ પૂજાના નિત્યકર્મમાં બેસી જવું પડતું. ગરમી હોય કે ઠંડી, કૂવા કે નદી-તળાવના ઠંડા પાણીથી સ્નાન કરવું પડતું. ઉપવાસ, ચાંદ્રાયણ, એકટાણા વગેરે વ્રત કરવા પડતા. શરીર, મન, વાણી અને વર્તનની શુદ્ધિના નિયમો ખૂબ કડકપણે પાળવાના રહેતા હતા. અપરિગ્રહ (ધનનો સંચય ન કરવો)ના વ્રતનું પૂરેપુરું પાલન

કરી ખૂબ સાદગીભર્યું જીવન જીવવાનું રહેતું હતું. આજીવિકા માટે પણ પૂર્ણ રીતે બાકીના ત્રણ વર્ણના લોકો પર જ આધાર રાખવો પડતો હતો. બીજા લોકોના કલ્યાણ હેતુ, જ્ઞાન આપવા હેતુ કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ હેતુ તપ-અનુષ્ઠાન-વ્રત-પૂજાપાઠ આદિથી **બ્રાહ્મણ** હંમેશા ઉદ્યમી રહેતા હતા.

આ જ રીતે ગામમાં દુકાળ કે સંકટ સમયે તો વૈશ્ય વર્ગને પોતાના અન્ન અને ધનભંડાર સમાજને અર્પણ કરી દેવા પડતા હતા. તે પ્રમાણે બાહ્ય દુશ્મનના આક્રમણ સમયે ક્ષત્રિયોએ રણમોરચે લડવા જવું પડતું અને પ્રજાની રક્ષા કરવા પોતાના પ્રાણની બાજી લગાવી દેવી પડતી હતી.

આમ, દરેક વર્ણને પોતાના કાર્યોમાં **લાભ** અને **નુકસાન**ની તક રહેલી હતી. એટલે બીજાના કાર્યની અદેખાઈ કરવા કરતા પરમશક્તિએ પોતાને જે વર્ણમાં જન્મ આપ્યો છે તે જ વર્ણના કામ નિષ્ઠાથી કરી જિંદગી વિતાવતા હતા. આ જ કારણે ચારે વર્ણના કાર્યો અલગ હોવા છતાં સમાજના સંગઠન અને વિકાસના કાર્યોમાં **મહત્ત્વનો હિસ્સો** બની જતા હતા. ચારે વર્ણના મનુષ્ય પોતાનું કર્મ ગમે તેટલું કઠણ હોય છતાં સમાજના હિત માટે તેને પોતાનો **પરમ ધર્મ** માનીને છોડતા નહિ.

**સૌથી મોટી વાત** એ છે કે, ચારે વર્ણના લોકો જો નિષ્ઠાપૂર્વક પોતાના કાર્યો કરે તો સર્વને તે પોત-પોતાના કર્મનું ફળ સરખું જ મળતું. બ્રાહ્મણ હોય કે શૂદ્ર, ક્ષત્રિય હોય કે વૈશ્ય, દરેક જણને ભગવત્કૃપાનો સમાન અધિકાર હતો. અલબત, અત્યારે પણ છે જ, જો તેઓ પોતપોતાની ધર્મમર્યાદાને નિષ્ઠાપૂર્વક વળગી રહે તો...!!!

વર્ણ વ્યવસ્થા એટલે સુસંગઠિત અને સુદૃઢ સમાજની **કરોડરજ્જુ** આપણા ઋષિમુનિઓએ સુવ્યવસ્થિત રીતે ભગવદારાધના થઈ શકે તે માટે માણસ-માણસ વચ્ચે કોઈપણ પ્રકારનો કંકાસ કે અણબનાવ ન રહે તે રીતે માનવસમાજનું ચારવર્ણમાં **સુવ્યવસ્થિત વર્ગીકરણ** અગાઉથી જ કરી આપ્યું. સમાજ રચનાના આ અજોડ આયોજનના **મીઠાફળ** આપણો સમાજ યુગો સુધી સુખ અને શાંતિના અનુભવરૂપે ખાતો રહ્યો. આપણી ભારતીય વર્ણાશ્રમ વ્યવસ્થાનું જો **વ્યવસ્થિત અનુસરણ** આજનો દરેક ભારતીય કરે તો આજે પણ પુનઃ સત્યુગ જેવું **દિવ્ય વાતાવરણ** સર્જાય જાય.

વર્ણાશ્રમની વ્યવસ્થાના કારણે દરેક વર્ણની કેટલીય ઉપજાતિઓ જ્ઞાતિના રૂપમાં બહાર આવી. આજે ઘણા કહેવાતા બુદ્ધિજીવીઓ **જ્ઞાતિપ્રથા**નો વિરોધ કરે છે. પરંતુ એ કેટલી **સમાજ ઉપયોગી** થઈ શકે તેમ છે એ રહસ્યને જાણ્યા પછી કદાચ તેમનો **અભિપ્રાય** બદલાઈ પણ શકે...!!

દરેક છૂટી લાકડી બંધાઈને એક નાનો ભારો બને. આ દરેક ભારા બંધાઈ એક મોટો ભારો બને, તો એક વ્યવસ્થિત બંધન પેદા થાય, કારણ કે, છૂટી-છૂટી લાકડીના ભારાનું એક જ બંડલ હોય તેમાંથી એકાદ લાકડી નીકળી જાય તો આખા ભારાનું બંધન નબળું પડી જાય; પરંતુ જો આવા નાના-નાના અનેક ભારાઓનું એક મોટું બંડલ તૈયાર થાય તેમાંથી કદાચ એકાદ બંડલ છૂટુ પડે તો બીજા નાના-નાના ભારાઓ તો સલામત રહે જ છે. એ જ રીતે અનેક જ્ઞાતિમાંથી બનેલો વર્ણ એકાદ જ્ઞાતિની નબળી કડીથી તૂટી ન પડતા સંપૂર્ણ રીતે સંગઠિત રહી શકે છે. આ જ રીતે ચારે વર્ણ મળીને એક મજબૂત સમાજ તૈયાર થાય છે. ગામમાં કોઈ સમસ્યા આવે તો ચારે વર્ણ મળીને પોતાના ઉદ્યમ અને આવડકથી તેનું સમાધાન કરી શકે છે.

પ્રાચીનકાળમાં ચારેય વર્ણ દ્વારા બનેલો સમાજ મજબૂત તો હતો જ, સાથે એક **સૌથી મોટો ફાયદો** એ હતો કે દરેક જ્ઞાતિને પોતાનું પંચ હતું. અને એ દરેક પંચમાં એક મુખી હતો. આથી પોતાની જ્ઞાતિમાં કોઈ ગુનાખોરી કે સામાજિક વ્યવસ્થાને ખલેલ પહોંચાડે તો વ્યક્તિગત રીતે તેઓ તે વ્યક્તિને જાણતા જ હોય માટે તેને ઝડપી અને યોગ્ય ન્યાય આપી શકતા.

આજે આપણે જોઈ શકીએ છીએ કે, ન્યાય માટે અદાલતમાં **અસંખ્ય કેસ-અરજીઓ** પડી છે. વર્ષો સુધી તેનો નિકાલ આવતો નથી. ઘણા કિસ્સામાં તો પિતાએ કરેલી અરજીનો **ફેંસલો** દીકરાએ સાંભળવો પડે છે. વળી, ન્યાયાધીશ માટે તો અસીલ ઘણી દૂરની વ્યક્તિ હોય છે. તેથી અસીલને વ્યક્તિગત રીતે ન ઓળખતા હોવાથી ન્યાય પ્રક્રિયા માટે પુરાવા પર જ આધાર રાખવો પડે છે. આ પુરાવાઓને બદલી પણ શકાય છે અને તોડી-મરોડી પણ શકાય છે. સાક્ષીને પણ ફેરવી શકાય છે. તેથી ખૂબજ વિલંબ પછી મળેલો ફેંસલો પણ ન્યાયી છે કે અન્યાયી તેની કોઈ ખાતરી હોતી નથી. પૈસા અને બળ દ્વારા પોતાની તરફેણમાં ફેંસલો લાવી શકાય છે. આવી ખાતરીના કારણે ગુનાખોરીનું પ્રમાણ વધી જાય છે. પરિણામે આખા સમાજમાં અવ્યવસ્થા વધતી જાય છે અને બધા પોતપોતાના ધર્મ અને નિત્યકર્મરૂપી પોતાનું મૂળ કર્તવ્ય છોડીને આવી ગુનાખોરીથી પોતાનું રક્ષણ કે બચાવ કરવાની જહેમતમાં પોતાનું કિંમતી જીવન વ્યવસ્થિત જીવી પણ નથી શકતા તો પછી ભગવાનનું ભજન તો કરે જ ક્યાંથી ? માટે આપણા પૂર્વજોએ ખૂબ દીર્ઘ વિચાર કરીને જ **વર્ણાશ્રમની સુંદર યોજના** ઘડી કાઢી છે.

કોઈપણ કાર્યમાં નિપુણતા ત્યારે જ આવે જ્યારે વધુને વધુ **અનુભવ** તેમાં ભળે. આપણી પ્રાચીન વર્ણવ્યવસ્થામાં આ કામ ખૂબજ સહજતાથી થતું હતું. ચારે વર્ણના લોકોને ત્યાં

જન્મતા બાળકો પર ગળથૂંથીમાં જ મા-બાપના કાર્યોથી છાપ પડતી હોય છે. માટે તેઓ **વારસાગત કાર્ય** વધુ સહજતાથી અને કુશળતાથી કરી શકે છે. દાખલા તરીકે દરજીનો દીકરો માતાના ગર્ભમાં ઉછરતો હોય ત્યારથી જ દરજીકળાની વિદ્યા તે બાળકમાં ઉતરવી ચાલુ થાય છે. જેમ કે તેની માતા સોઈ-દોરો લઈને સીવવા બેસે, પતિને સંચા પર કપડા સીવતા જુએ કે કપડાંના રંગ, રૂપ, સિલાઈ, ડિઝાઈન વિષેના વિચાર કરે તે બધાની અસર તેના ગર્ભમાં રહેલા બાળક પર પડે છે. આજનું વિજ્ઞાન પણ કહે છે કે, સ્ત્રી ગર્ભાવસ્થા દરમ્યાન જેવા વર્તન, વિચાર કે કામ કરે છે કે જેવા માહોલમાં રહે છે તેની **અમીટ છાપ** સંતાન પર પડે છે.

જન્મ પછી પણ સંતાન ઊછરતું જાય તેમ મા-બાપને દરજી કાર્ય કરતા જોતું રહેતું હોય છે. થોડું સમજણું થાય એટલે પિતાને મદદ કરે. વધારે મોટો થાય ત્યારે તો પિતાના કામનો અડધો બોજો ઉપાડતો થઈ જાય. આમ, વારસાગત કામ સંભાળતો દીકરો ૨૫ વર્ષમાં તો પિતા જેવો અને ઘણા કિસ્સામાં તો બાપ કરતા પણ સવાયો કારીગર સાબિત થાય છે. વંશ-વારસાગત ધંધામાં ઉત્તરોતર અનુભવની વૃદ્ધિ થવાથી કાર્યમાં ગુણવત્તા વધતી જાય છે. કારણ કે, પોતાની જે વારસાગત વિદ્યા છે તે તો તે બાળપણથી શીખી રહ્યો છે તેથી યુવાન થતા સુધીમાં તો તે નિપુણ થઈ જાય છે. તેથી તેને વિદ્યામાં નવા સંશોધનો કરવાનો અવકાશ વધી જાય છે. માટે જ સંસ્કૃતમાં એક ઉક્તિ છે : 'उत्तरोत्तरं मुनीनां प्रामाण्यम् ।' સાથે-સાથે પેઢી દર પેઢી સંતાનોને જે તે કર્મ ગળથૂંથીમાં જ મળવાને કારણે તે જ તેમનો સ્વભાવ બની જાય છે. તેથી ગમે તેટલું અઘરું કાર્ય પણ પોતાના સ્વભાવગત હોવાના લીધે તેમના માટે સહેલું બની જાય છે. આથી જ કર્મ પ્રમાણે પડેલા વિભાગ જન્મ પ્રમાણે ચાલુ રહે તો કામની વહેંચણીની દૃષ્ટિએ તેમજ કામની ગુણવત્તાની દૃષ્ટિએ પણ સમગ્ર સમાજને લાભ જ મળી રહે છે. એટલે જ સમગ્ર સમાજનું હિત જળવાઈ રહે છે. તે માટે જ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, "સ્વધર્મ મુશ્કેલી ભરેલો હોય અને પરધર્મ ભલે સહેલો લાગતો હોય તેમ છતાં સ્વધર્મમાં રહીને મૃત્યુ પામવું વધુ કલ્યાણકારી છે, જ્યારે પરધર્મને અનુસરવો ભયપ્રદ છે."

બીજી **સત્ય હકીકત** એ પણ છે કે, આપણા દેશને બ્રહ્મનિષ્ઠ સંતોથી માંડી કુશળ કલાકારો વગેરે મહાપુરુષો આ વંશવારસાગત વર્ણવ્યવસ્થાને કારણે જ મળ્યા છે. છેલ્લા બ્રહ્માંડનું સર્જન થયું ત્યારથી અત્યાર સુધીમાં આખી દુનિયાના મળીને જેટલા સંતો-મહાત્માઓ, ધાર્મિક પુરુષો, રાજકીય પુરુષો, વીરપુરુષો, નિષ્ણાંત વ્યવસાયકો થયા છે એના કરતા અનેકગણા વધુ ભારતની પુણ્યભૂમિમાં થયા છે. આ બાબત સર્વમાન્ય અને સર્વ સ્વીકાર્ય જ છે..!! અને તેનું કારણ પણ આપણી વર્ણવ્યવસ્થા જ છે..!!

વર્ણાશ્રમની સુદૃઢ સુશોભિત અને સુવ્યવસ્થિત વ્યવસ્થામાં પિતાની જ કારીગરી કે ધંધામાં પુત્રને આગળ વધવાનું છે તેથી રોજી-રોટીની તો કોઈ ચિંતા રહેતી જ નથી. સાથે-સાથે પોતાની કારકીર્દી માટે ક્યો માર્ગ લેવો એવો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. તેને લીધે ન મૂંઝવણ થાય કે ન હરિફાઈ થાય. બેકારીનો તો પ્રશ્ન જ નથી રહેતો..! જેથી માણસ સુખેથી જીવન વ્યતીત કરવાની સાથે-સાથે સુખેથી ભગવદારાધના પણ કરી શકે છે...!!

આજે દરેક વ્યક્તિને **સમાન તક** અને **રોજી-રોટી** મળે તેના નામે વર્ણવ્યવસ્થાને પૂર્ણ રીતે ભાંગી નાખવામાં આવી છે. છતાં આજે સૌથી વધુ બેકારી છે. વંશવારસાગત ધંધા કરવા ફરજીયાત ન હોવા છતાં રાજકારણીના સંતાન આજે પણ મોટે ભાગે રાજકરણમાં જ જાય છે...!! ઉદ્યોગપતિના સંતાન પોતાના પિતાના ઉદ્યોગને જ સંભાળે છે...!! ડૉકટર પોતે એવું જ ઈચ્છતો હોય છે કે મારા છોકરાને મેડીકલમાં **એડમિશન** મળે અને ડૉકટર બની મારી હોસ્પિટલ સંભાળે. ઘણા સરકારી નોકરી કરતા ઓફિસરો પણ વિચારતા હોય છે કે નિવૃત્તિ પછી મારી નોકરી મારા પુત્રને મળે. આમ થવાનું કારણ પણ સ્વાભાવિક છે. કારણ કે, બાળપણથી પોતાના પિતાના કાર્યની છાપ તેના કુમળા મગજ પર થયેલી હોય છે. એટલે એ લાઈનમાં સાહજીક રુચિ તો આવે જ છે. સાથે-સાથે પિતાનો અનુભવ અને પિતાએ જમાવેલી શાખથી પોતાની કારકીર્દીને આપોઆપ વેગ મળે છે. આમ, વર્ણવ્યવસ્થાનો વિરોધ કરનારા પણ જાણે-અજાણે વંશવારસાગત વ્યવસ્થા અપનાવી રહ્યા છે; પણ આવો લાભ માંડ અમુક ટકા લોકોને મળતો હશે. બાકીના લોકોને તો પોતાની આખી જિંદગી કંઈ કારકીર્દીમાં વિતાવવી એની ચિંતામાં જ **અણમોલ મનખો** ખોઈ નાખે છે.

આજે કોઈપણ વ્યક્તિ કોઈપણ માર્ગમાં પ્રવેશી શકતો હોવાને કારણે જે માર્ગમાં **બરકત** દેખાય છે ત્યાં જ બધા ઘુસે છે. અને એક **વેકેન્સી** માટે હજારો વ્યક્તિઓ **દાવેદાર** થઈ જાય છે. આજનો યુવાન એક માર્ગમાં ન ફાવ્યું તો બીજા માર્ગમાં ટ્રાય કરતો રહે છે. આમ, કારકીર્દીના પ્રથમ ૨૫-૩૦ વર્ષ તો યોગ્ય માર્ગ માટે જ ફાફા મારતો હોય છે. શરૂઆતમાં સારા લાગતા માર્ગમાં થોડાસમયની અંદર લોકો કંટાળી જાય અને કહેવા લાગે કે, ભાઈ ! હવે અમારા ધંધામાં 'Competetions' હરિફાઈઓ બહુ થઈ ગઈ છે. થોડા-થોડા સમયે પોતાની લાઈન બદલતા રહે, પૈસા દેખાય ત્યાં ઘુસી જાય. નીતિનિયમ

રહે નહિ. કારકીર્દિ ઘડવામાં અને કુટુંબનું ભરણપોષણ કરવામાં જ આખી જિંદગી વહી જાય. પોતાને ગમતા કાર્યો કરવાનો કે શરીરનું સ્વાસ્થ્ય જાળવવાનો કે **માનસિક** શાંતિ મેળવવાનો કે **આધ્યાત્મિકની પરમ શાંતિ** મેળવાનો સમય મળે નહિ. આ જ કારણથી આજે સગવડ અને સાધન ખૂબ વધ્યા હોવા છતાં લોકોના હૃદયમાં અશાંતિ અને અસલામતી વધતી જાય છે. કોઈપણ વ્યક્તિ કોઈપણ જાતની રોકટોક વગર કોઈપણ ક્ષેત્રમાં જઈ શકતી હોવાથી એવું પણ બને છે કે, કોઈ ક્ષેત્રમાં જરૂર કરતા વધુ વ્યક્તિ આવી જાય અને કોઈ ક્ષેત્રમાં સમ ખાવા જેટલી વ્યક્તિ પણ ન મળે. અગાઉના સમયમાં દરેક ગામમાં દરેક વ્યવસાયને લગતી વ્યક્તિ સુલભતાથી મળી રહેતી હતી.

ભારત દેશ આઝાદ થઈ ગયો એનો પોણી સદી જેટલો સમય થવા આવ્યો છતા હજુ ભારતની અર્થ વ્યવસ્થા થાળે નથી પડી. હજુ કેટલાય ભણેલ-ગણેલ યુવાનો બેરોજગાર ફરે છે. હજુ કેટલાય લોકો રોજી-રોટી માટે ગુલામ કરતા પણ બત્તર હાલતમાં ફાંફા મારે છે. આનું કારણ પણ પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ કરવામાં ખોરવી નાખેલી આપણી વર્ણ વ્યવસ્થા જ છે...!!!

સ્વર્ણિમ ભારતની **વર્ણવ્યવસ્થા**માં એક વર્ણની વ્યક્તિ બીજા વર્ણની સ્ત્રી સાથે ન પરણી શકે તે માટેના પણ **કડક કાયદા** છે. અને તેનું ચુસ્ત પાલન દરેક જ્ઞાતિઓ દ્વારા કરવામાં આવતું હતું. આનો મોટો ફાયદો એ થતો હતો કે, એક જ વર્ણના મા-બાપથી ઉત્પન્ન થયેલું સંતાન કોઈપણ જાતના માનસિક અવરોધ કે મૂંઝવણ વગર સ્વવિકાસ સાધી શકતું હતું. વંશવારસાગત **ગુણધર્મ** પણ પૂરેપૂરા તેમાં સચવાતા હતા, જ્યારે બે અલગ-અલગ વર્ણ એટલે કે સ્વભાવવાળા મા-બાપથી ઉત્પન્ન થયેલું સંતાન મા-બાપના અલગ-અલગ સ્વભાવગત કર્મ રિવાજથી મૂંઝવણમાં મુકાઈ શકે છે. ઘડીકમાં પિતાનો તો વળી ઘડીકમાં માતા કે મોસાળ પક્ષનો **રિવાજ** તેના પર હાવી થઈ જાય છે.

આજના સંદર્ભમાં આ વાત જોઈએ તો પતિ-પત્ની બંને ડૉક્ટર હોય તો દીકરાને ડૉક્ટર બનવાની અભિન્ન ઈચ્છા જાગે છે, પરંતુ બેમાંથી એક એન્જીનીયર હોય તો દીકરો બે લાઈન વચ્ચે દ્વિધા અનુભવે તે સ્વાભાવિક છે. આવી દ્વિધાયુક્ત પેઢી કોઈપણ એક લાઈન અથવા તો કોઈ અન્ય લાઈન પકડી શકે છે. પરંતુ એમાં સો ટકા રસ જળવાઈ રહેશે કે સંપૂર્ણ સફળતા મળશે એ વાત પર **પ્રશ્નાર્થચિહ્ન** છે. આમ, ગુણવત્તા કે સર્વિસની દૃષ્ટિએ અસંતોષ મળી શકે છે.

નવી પેઢીને પોતાને શેમાં રસ છે ? શેમાં પ્રગતિ કરી શકે છે ? તે વિચારવાનો સમય કે રસ રહ્યો નથી. મોટે ભાગે જે લાઈનમાં પૈસા મળે તેમાં જ જવા તૈયાર હોય છે. અલબત, દરેક નિયમને અપવાદ હોય છે એમ આમાં પણ અપવાદ રૂપ કિસ્સા હોય છે. પણ સમાજરચના એવી હોવી જોઈએ કે નાનામાં નાની વ્યક્તિ કે નબળામાં નબળી વ્યક્તિને પણ તેનો લાભ થાય. આપણી અસલ વર્ણાશ્રમવ્યવસ્થામાં આ બાબતનું પૂરેપુરું ધ્યાન રાખવામાં આવ્યું છે.

મોટા પથ્થરને **ડિવાઈડર** તરીકે રસ્તા પર રાખીએ તો ટ્રાફિક સરળતાથી ચાલે છે. પરંતુ એ જ પથ્થર અસ્તવ્યસ્ત થઈ જાય તો અડચણરૂપ બની જાય છે. આ જ સ્થિતિ વર્ણવ્યવસ્થામાં પણ થઈ. જ્યાં સુધી એ વ્યવસ્થિત રીતે ચાલતું હતું ત્યાં સુધી બધું બરાબર જ હતું, પરંતુ તેમાંથી શૂદ્રો સાથે પશુ કરતા પણ બત્તર વ્યવહાર કરવારૂપ પથ્થરા આડા ફાટવા લાગ્યા, જે મુશ્કેલીરૂપ બની ગયા. આનાથી શૂદ્રોના મનમાં બીજા વર્ણો પ્રત્યે સુવર્ણ વધુ ખાટી ગયાનો રોષ વધ્યો. તેના નિવારણ માટે સરકારે શૂદ્ર માટે  શિક્ષણ અને નોકરી માટે અનામતની પ્રથા શરૂ કરી, પરંતુ આને લીધે ‘બાવાના બેય બગડ્યા.’ ૮૦%થી પણ વધુ માર્કસ મેળવનારો બુદ્ધિશાળી વર્ગ મનગમતી લાઈનમાં ભણવા માટે ભારતમાં પ્રવેશ ન મેળવી શકતા પરદેશ જવા લાગ્યો. જ્યારે માંડમાંડ પાસ થતો વર્ગ અનામતના લાભ હેઠળ દેશના ચાવીરૂપ સ્થાન ઉપર લાયકાત વગર બેસવા લાગ્યો.

વર્ણાશ્રમમાં **ઊંચનીચનું સામ્રાજ્ય** પ્રવર્તતું હતું ત્યારે શૂદ્ર પોતાથી ઉચ્ચવર્ણની અદેખાઈ કરતા હતા. અત્યારે અનામતના રાજ્યમાં ઉચ્ચવર્ણ શૂદ્રની અદેખાઈ કરે છે. આમાં પરિસ્થિતિમાં **બદલાવ** ક્યાં આવ્યો ?? અહિં તો માત્ર પાત્ર અને તેમના સ્થાન જ બદલાયા છે. બે અલગ વર્ણ વચ્ચેથી અસમાનતા દૂર કરવાના પ્રયાસમાં ફરી બે વર્ણ વચ્ચેની ખાઈ મજબૂત બની. માત્ર ઉપર હતા તે નીચે આવી ગયા અને નીચે હતા તે સત્તા પર...!! આપણું બુદ્ધિધન જ્યાં ગયું ત્યાંના દેશ અને સમાજને સમૃદ્ધ કરતું ગયું. આજે પણ અમેરિકા અને બ્રિટનમાં ભારતીય વિદ્યાર્થી અને વ્યવસાયિકોનો ડંકો વાગે છે, પણ ભારતના ફાળે ન **આર્થિક સદ્ધરતા** આવી કે ન **સામાજિક શાંતિ** આવી...!!

આજે ભારતને એક **ઉગતા દેશ** તરીકે નવાજવામાં આવે છે અને **‘ઈન્ડિયા ઈઝ રાઈઝિંગ કન્ટ્રી’** કહીને રાજકારણીઓ પોરસાય છે. તેમાં રાજકારણીનો બિલકુલ ફાળો નથી. એ તો આ દેશની સંસ્કૃતિ અને બુદ્ધિધનથી જ ભારત ફરી ‘શાઈનિંગ’ થઈ રહ્યું છે. બદલાતો જતો સમય અને વિકસતી જતી ટેકનોલોજીમાં વર્ણવ્યવસ્થાનું સ્થાન ક્યાં ? એ પ્રશ્ન આજે તો

અસ્થાને છે, પરંતુ વર્ણવ્યવસ્થાને ખરાબ ચિતરવામાં આવતી હતી અને તેને લીધે સમગ્ર **હિન્દુ ધર્મ**ને જે રીતે બદનામ કરવામાં આવતો હતો તેમાં **અસલિયત** શું છે ? વિજ્ઞાન શું છે ? તે દર્શાવવા જ આ **લેખ** લખ્યો છે.

સો વાતની એક જ વાત થાય કે, ભારતીય ઋષિમુનિઓએ પ્રવર્તાવેલી કોઈપણ પ્રથા કે ધર્મ ક્યારેય પણ કોઈપણ ભારતીય માટે જૂના થવાના જ નથી એટલે તેમાં ક્યારેય **અપડેટ** કરવાની જરૂર પડશે જ નહિ...!! માટે આપણે આપણી ક્ષુલ્લક સમજણ કે માન્યતાઓને છોડીને તેમને અપનાવી લઈએ એ જ આપણા વ્યક્તિત્વ, સમાજ કે દેશ માટે હિતકારી છે અને રહેશે. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, અમારા આશ્રિતોએ ક્યારેય પણ પોતાના વર્ણાશ્રમ ધર્મનો ત્યાગ કરવો નહિ અને પરધર્મ, પાખંડ ધર્મ કે કલ્પિત ધર્મનું આચરણ કરવું નહિ.

આ વિષયની છેલ્લી વાત....,

વર્ણભેદ દૂર કરવાથી ભેદ દૂર થયા નથી. અમીર-ગરીબ ભેદ, રંગભેદ, મૂડીવાદ-સમાજવાદ તો ચાલુ જ છે. એટલું જ નહિ, હિન્દુ ધર્મ છોડીને જે અન્ય ધર્મ છે તેમાં પણ વિભાગ કે પંથ પડી જ ગયા છે. એટલે એ કારણસર ધર્મને બદનામ કરી અને સારી બાબતને પણ નજરઅંદાજ કરવી એ અયોગ્ય છે, એટલું જ નહિ પણ ઐહિક-પારલૌકિક હિત માટે અતિ વિપરીત પણ છે. તે માટે સાચી દિશામાં ગતિ માટે અત્રે ભગવદ્‌વાક્યોને જ **યથાર્થ સ્વરૂપ**માં સમજી શ્રેયોમાર્ગમાં **સત્વર ગતિ** કરીએ.

## નિત્યવિધિ રહસ્ય

મહાપ્રભુ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ખૂબ સુંદર રીતે **દિનચર્યાનું નિરૂપણ** કર્યું છે. તેમાં પણ અમારા આશ્રિતોએ સવારમાં કેવી રીતે જાગવું અને કેવી રીતે - શું શું **નિત્ય કર્મ** કરવું તેનું સુંદર વર્ણન શ્લોક ૪૯ થી ૫૪ સુધી ભગવાન શ્રીહરિએ કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રી**માં લખે છે :- प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः । विधाय कृष्णस्मरणं कार्यः शौचविधिस्ततः ॥४९॥ उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् । स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥ – અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥ અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું. ॥૫૦॥

શ્રીજીમહારાજ કહે છે કે, મારા આશ્રિતોએ સૂર્યોદયથી પહેલા જ જાગવું. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી ભગવાન શ્રીહરિના આ વાક્યનો અભિપ્રાય સમજાવતા કહે છે : ''અહિં સૂર્યોદય એટલે સૂર્ય દેખાય એ નહિ, પરંતુ સૂર્યોદય એટલે બ્રાહ્મમુહૂર્ત સમજવું.''

રાત્રીનું જે છેલ્લું મુહૂર્ત તેને **બ્રાહ્મમુહૂર્ત** કહેવામાં આવે છે અને રાત્રીની છેલ્લી બે ઘડી (૪૮ મિનિટ)ના સમયથી આરંભીને **સૂર્યોદય** કહેવામાં આવે છે. અર્થાત્ ૫.૧૨ પછીનો જે સમય તેને સૂર્યોદય કહેવાય છે. અને ૪.૩૦થી બ્રાહ્મમુહૂર્તની શરૂઆત થાય છે. તેથી સૂર્યોદય પહેલાનો જે સમય છે તેને જ બ્રાહ્મમુહૂર્ત કહેવામાં આવે છે.

બ્રાહ્મમુહૂર્ત મનુષ્યના શારીરિક સ્વાસ્થ્ય માટે અને માનસિક સ્વાસ્થ્ય માટે પરમ શ્રેષ્ઠ છે. બ્રાહ્મમુહૂર્તમાં મન અને બુદ્ધિની નિર્મળતા હોય છે. અને વાયુની એક બુંદ શારીરિક સ્વાસ્થ્ય માટે ઔષધી સમાન હોય છે. માટે તે સમયે જે મનુષ્ય નિદ્રાનો ત્યાગ કરીને શુદ્ધ વાયુનું સેવન કરે છે તે મનુષ્યનું મન પ્રફુલ્લિત રહે છે અને આત્માની અંદર નવીન ચેતનાનો અનુભવ થાય છે. તેથી અનાયાસે જ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ સ્થિર થાય છે. આ વિષયમાં આપણા



"...આપણા ઋષિમુનિઓ યુગો પહેલા જાણતા હતા કે, આપણું શરીર જે કંઈ પણ કાર્ય કરે છે તેમાં મુખ્ય ફાળો પાંચ વાયુઓનો છે. તે પાંચ વાયુમાં પ્રથમ 'પ્રાણ' વાયુ - જેને આધુનિક વિજ્ઞાનની ભાષામાં ઓક્સિજન ($O_2$) કહે છે. બીજો 'અપાન' વાયુ - જેને મિથેન ($CA_2$) કહે છે. ત્રીજો 'વ્યાન' વાયુ - જેને નાઈટ્રોજન ($N_2$) કહે છે. ચોથો 'ઉદાન' વાયુ - જેને કાર્બનડાયોક્સાઈડ ($CO_2$) કહે છે. અને પાંચમો 'સમાન' વાયુ - જેને હાઈડ્રોજન ($H_2$) કહે છે..."

શાસ્ત્રો કહે છે :- 'वर्णं कीर्तिं मतिं लक्ष्मीं स्वास्थ्यमायुश्च विंदति । ब्राह्ममुहूर्ते संजाग्रच्छ्रियं वा पंकजं यथा ।।' - અર્થાત્ બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવાથી પુરુષનું સૌંદર્ય, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, સ્વાસ્થ્ય, આયુ વગેરેની પ્રાપ્તિ થાય છે. એનું શરીર કમળની જેમ સુંદર થતું જાય છે.

પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં વહેતા પવનના એક-એક કણમાં સંજીવની શક્તિનું અપૂર્વ મિશ્રણ રહેલું હોય છે. આયુર્વેદ અનુસાર રાત્રિમાં ચંદ્રમા દ્વારા પૃથ્વી પર વરસાવવામાં આવતા અમૃત બિન્દુઓને સાથે લઈને હવા વહે છે...!!

જ્ઞાનતંતુઓ રાત્રિના વિશ્રામ પછી નવશક્તિ યુક્ત હોય છે તેમજ પ્રાતઃકાલીન એકાંત અને સર્વથા શાંત વાતાવરણમાં મસ્તક એકદમ પ્રફુલ્લિત થઈ જાય છે. આ સ્થિતિ શારીરિક સ્વાસ્થ્ય, નેત્રશક્તિ, સ્મરણશક્તિ, બુદ્ધિ, મન તેમજ આત્મશક્તિમાં વૃદ્ધિ કરવામાં ખૂબજ સહાયક છે.

વૈજ્ઞાનિક સંશોધન અનુસાર બ્રાહ્મમુહૂર્તના વાતાવરણમાં ૪૧% ટકા ઓક્સિજન, ૫૫% નાઈટ્રોજન અને માત્ર ૪% ટકા જ કાર્બનડાયોકસાઈડ વાયુ હોય છે. જેમ-જેમ સૂર્યોદય થતો જાય છે તેમ-તેમ પૃથ્વી પર વિવિધ પ્રકારના માનવીય પ્રદૂષણો તેમાં ભળવા માંડે છે. જેનાથી વાતાવરણ દૂષિત થવા માંડે છે. આ ઉપરાંત સૂર્યના તાપથી પૃથ્વીની ગરમ બાષ્પ ઉપર ઊઠે છે ત્યારે કાર્બનડાયોક્સાઈડનું પ્રમાણ ૪% ટકા હતું તે વધીને ૬૦% થઈ જાય છે. જે મનુષ્યના દીર્ઘાયુ માટે ઘાતક છે. માટે ભગવાન શ્રીહરિ આપણને જાણે 'जीवतु शरदः शतम् ।'ના આશીર્વાદ આપતા હોય તેમ કહે છે કે, 'અમારા આશ્રિતે સૂર્યોદયથી પ્રથમ જ જાગવું.'

દૈનિક જીવનમાં મનુષ્ય દિવસ દરમ્યાન સમગ્ર સૃષ્ટિની ઝાંખી કરતો થકો દેહના પોષણને માટે **અતિ પરિશ્રમ** કરીને થાકી જાય છે ત્યારે થાકેલો માણસ થાક દૂર કરવા માટે ચેતનાથી રહિત થઈને રાત્રિ રૂપી શય્યામાં **વિશ્રાંતિ** લે છે. પ્રાતઃકાળ થતા ફરીવાર પરમાત્માની પ્રેરણાથી જાગે છે. જાગેલો એ મનુષ્ય રાત્રિ દરમ્યાન ચેતનાથી રહિત હોય છે. તેને કંઈપણ શુદ્ધ-બુદ્ધ હોતી નથી. તે સમયે પણ પરમાત્મા આપણી રક્ષા કરે છે અને પ્રાતઃકાળમાં આપણેને જગાડે છે. આ પરમાત્માનો જે ઉપકાર, તેને નહિ ભૂલીને પ્રાતઃકાળમાં જાગતાની સાથે જ **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું સ્મરણ** કરવું જોઈએ.

મંત્રના વારંવાર ઉચ્ચારણથી ત્રિવિધ તાપમાંથી રક્ષણ થાય છે. એટલે કે તેનાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર થાય છે. શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે પ્રત્યેક અક્ષરમાં એક ચોક્કસ **શક્તિ** રહેલી હોય છે. એમાં પણ બે કે બેથી વધુ અક્ષરોનું સંગઠન વધુ ઊર્જા ધરાવે છે. એમાં જોડકા અક્ષર તેમજ જેનાથી કંઠ અને જીભમાં વધુ કંપન થતા હોય તેવા અક્ષરોના ઉચ્ચાર માત્રથી જે કંપનો પેદા થાય છે તે શારીરિક અને માનસિક રોગો દૂર કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

ન્યુયોર્કના ડૉ. પોડોલસ્કી જણાવે છે કે, ખાસ પ્રકારના સૂરો અને ધ્વનિથી **રુધિરાભિસરણ** સારું થાય છે. શરીરના કોષોને નવજીવન પ્રાપ્ત થાય છે. ડૉ. સમારુ ઈમોટોએ કરેલા સંશોધન મુજબ પાણી ઉપર મંત્રોની હકારાત્મક અસર થાય છે. આપણું શરીર પણ ૭૦% ટકા પ્રવાહી ધરાવે છે. જેમ કે - લોહી, પ્રત્યેક કોષમાં આવેલું પ્રવાહી, પાચન રસો, ગ્રંથિઓમાંથી ઝરતા રસો વગેરે. ગઢડા મધ્ય પ્રકરણના ૧લા વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : ''પછી અંતર્દષ્ટિએ કરીને જોયું ત્યારે જેટલું ધ્રુવ આદિક બ્રહ્માંડમાં છે તેટલું પિંડમાં પણ દીઠું.'' વળી, ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૫માં વચનામૃતમાં કહે છે : ''આ બ્રહ્માંડમાં જેટલું કારખાનું છે તેટલું જ આ પિંડમાં પણ છે. તે પિંડમાં અલ્પ છે ને બ્રહ્માંડમાં મહત્ છે.'' માનવીના આંતરજગતની યાત્રા માટે મંત્રોના જાપ ઉપયોગી નીવડે છે. દા.ત. ૐકારમાં 'ઓ' બોલતાની સાથે હોઠ ગોળાકાર સ્થિતિમાં આવે છે અને 'મ' અક્ષર બોલવા માટે બે હોઠ ભીડવા પડે છે. આવું કરતા હોય ત્યારે તમને ખ્યાલ આવશે કે, આ ૐકાર નાભિમાંથી પ્રકટે છે. આમ, અલગ-અલગ મંત્રોની અલગ-અલગ અવયવ પર અસર થઈ કંપન પેદા કરી તેને સ્વસ્થ અને બળવાન બનાવવામાં ઉપયોગી બની રહે છે. મંત્રથી જેમ શરીરમાં નાનામાં નાના કોષ સુધી પહોંચી શકાય છે તેવી જ રીતે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી માયાના અષ્ટાવરણોથી પર પરબ્રહ્મ પરમાત્મા, પરમશક્તિ સુધી પહોંચી શકાય છે.

માત્ર મંત્રજાપથી પરમશક્તિ સુધી પહોંચી શકાય છે - એમ કહીએ તો આજના ભણેલા યુવાનો જલ્દી માની ન શકે, પરંતુ એ સત્ય હકીકત છે કે તમે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું સતત પુનરાવર્તન કર્યા કરો તો એ શક્ય બને જ છે. એક સામાન્ય વાત છે કે, તમે તમારા નાના દીકરાને કે દીકરીને ઊંઘમાંથી જગાડવા માંગતા હો તો તમારા અવાજથી એ પહેલીવારમાં જાગી જશે. પરંતુ તમે ઘણીવાર જગાડો ત્યારે ખૂબ ઢંઢોળો પછી ઊઠે છે. તમારી પહોંચમાં રહેલા નાના બાળકોને જો ઊઠાડતા આટલી વાર લાગે તો છેક માયાના બધા આવરણોથી પર અક્ષરધામમાં બિરાજમાન પૂર્ણ પુરુષોત્તમને ઢંઢોળવા માટે કેટલી વાર તેમના જાપનું પુનરાવર્તન કરવું પડે ? એક **બીજો દાખલો** લઈએ કે, તમારા હાથમાં રૂનો એક તાંતણો કોઈ આપે અને કહે કે, આના વડે કૂવામાંથી પાણી ખેંચી લાવો તો તમે એ કરી શકશો ? નહીં. પણ એવા અનેક તાંતણા ભેગા

થઈ દોરી બને અને ઘણી દોરી ભેગી થઈને એક મજબુત દોરડું બને તો તમે દોરડાની મદદથી કૂવાનું પાણી આરામથી ખેંચી શકશો. કહેવાનું તાત્પર્ય એ છે કે, અપાર શ્રદ્ધા રાખીને ભગવાન મારા પુકારને અવશ્ય સાંભળશે જ એવા વિશ્વાસ સાથે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કર્યે જ જાઓ તો અશક્ય કામ પણ શક્ય થઈ જશે...!!

તમે ઉચ્ચારેલો એક મંત્ર ફરીવાર કરેલા રટણથી એક ડગલું આગળ વધે છે, પછી ત્રીજું રટણ પહેલા બેને, ચોથું રટણ પહેલા ત્રણને અને પાંચમું આગળના ચારેયને આગળ ધકેલતું જાય છે. અને આવી રીતે સતત મંત્રજાપ પછી એવી મજબૂત સાંકળ રચાય છે કે, સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી**ની **વાતો**માં લખ્યા પ્રમાણે જ્યાંથી લાખ મણ લોઢાનો ગોળો વહેતો મૂકીએ તો વાયુને લહેરે ઘસાતો-ઘસાતો પૃથ્વી પર પહોંચે ત્યાં ધૂળ જેવી નાની રજકણ થઈ જાય. એટલે દૂર છેક અક્ષરધામમાં સ્થિત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સુધી પહોંચે છે. એમાં કોઈ શંકા નથી.

ખેર, આ બધી વાતો તો એમના માટે છે કે, જેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણનો **સમ્યક્ મહિમા** નથી સમજતા, પરંતુ ભગવાનના **એકાંતિક સંતો**ના **નિત્ય પ્રસંગ**થી જેના રોમે-રોમમાં ભગવાનના સ્વરૂપનો **કેફ** વ્યાપી ગયો હોય એવા ભક્ત નામીએ સહિત એકજ વાર 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો સાચા હૃદયભાવથી ઉચ્ચાર કરે તો કાળ-કર્મ અને માયાના બંધનથી છૂટીને ભગવાનના દિવ્ય સાનિધ્યમાં જ નિત્ય રહ્યો છે એવો નિત્ય અનુભવ છતે દેહે જ કરી શકે એવી મહામંત્રમાં **અપાર શક્તિ** રહેલી છે.

લાખો મંત્રના જપથી દોરડું તો તૈયાર કર્યું પણ યોગ્ય દિશા ત્યારે જ મળે જ્યારે ધ્યાનપૂર્વક **નામી**ને એટલે કે પોતાના **ઈષ્ટદેવ**ને યાદ કરો. જેમ સારો ડ્રાઈવર ગાડીને માત્ર ચલાવતો જ નથી, પણ સાથે ધ્યાન રાખીને ચલાવે છે. જેથી અકસ્માત વિના યોગ્ય માર્ગે યોગ્ય સમયે **નિશ્ચિત મંઝિલ** સુધી પહોંચી શકાય છે. એ જ રીતે તમે તમારા ઈષ્ટદેવ સુધી તમારો અવાજ પહોંચાડવા માંગતા હો તો આંખો બંધ રાખી તેમના સ્વરૂપના ચિંતન સાથે **મંત્રોચ્ચાર** કરશો તો જરૂર તેઓના સાનિધ્ય સુધી પહોંચી શકશો. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, 'અમારા આશ્રિતોએ બ્રાહ્મમુહૂર્તમાં જાગ્યા પછી ભગવાનનું **સ્મરણ** કરવું.'

ભગવાનનું સાચા હૃદયથી સ્મરણ કર્યા પછી પોતાની દૈહિક **ક્રિયાનો આરંભ** કરવો. પ્રથમ શૌચ જવું અર્થાત્ દિશાએ જવું. ભગવાન શ્રીહરિના આ વિધાન રહસ્યને સમજાવતાં સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** 'શિક્ષાપત્રી - અર્થદીપિકા'માં લખે છે : "મળમૂત્રનો ત્યાગ કરતી વખતે મૌન ધારણ કરવું એ એક સનાતન માર્ગ છે. અને જો મૌન ધારણ ન કરે અને વાતો કરે કે બીજી ક્રિયા કરે તો શારીરિક સ્વાસ્થ્ય ઉપર ખરાબ અસર પડે છે."

આપણા ઋષિમુનિઓ યુગો પહેલા જાણતા હતા કે, આપણું શરીર જે કંઈ પણ કાર્ય કરે છે તેમાં મુખ્ય ફાળો પાંચ વાયુઓનો છે. તે પાંચ વાયુમાં પ્રથમ 'પ્રાણ' વાયુ - જેને આધુનિક વિજ્ઞાનની ભાષામાં ઓક્સિજન ($O_2$) કહે છે. બીજો 'અપાન' વાયુ - જેને મિથેન ($CA_2$) કહે છે. ત્રીજો 'વ્યાન' વાયુ - જેને નાઈટ્રોજન ($N_2$) કહે છે. ચોથો 'ઉદાન' વાયુ - જેને કાર્બનડાયોક્સાઈડ ($CO_2$) કહે છે. અને પાંચમો 'સમાન' વાયુ - જેને હાઈડ્રોજન ($H_2$) કહે છે.

પ્રાણવાયુ એટલે ઓક્સિજન કે જેના આધારે જ દરેક જીવસૃષ્ટિના પ્રાણ ટકી રહે છે. આપણા શાસ્ત્રોમાં પ્રાણવાયુનું સ્થાન હૃદયમાં બતાવ્યું છે. જે આજનું વિજ્ઞાન પણ કહે છે કે, ઓક્સિજન ફેફસા વાટે હૃદયમાં પહોંચી જીવન ઊર્જા અર્પણ કરે છે. ઉદાનવાયુ - કાર્બનડાયોક્સાઈડનું સ્થાન શાસ્ત્રોમાં કંઠ બતાવેલ છે. આજનું વિજ્ઞાન પણ કહે છે કે, કાર્બનડાયોક્સાઈડ વાયુ આપણા શરીરની અશુદ્ધિ ગળામાંથી નાક વાટે બહાર કાઢે છે. આ વાયુને કારણે જ આપણે બોલી પણ શકીએ છીએ. માટે જ તેનું સ્થાન આપણા શાસ્ત્રોમાં કંઠમાં બતાવ્યું છે. સમાનવાયુ એટલે હાઈડ્રોજન. પેટમાં રહેલા એસેટિક તત્ત્વો આ વાયુને કારણે જ સક્રિય હોય છે, જે ભૂખ અને તરસની લાગણી જન્માવે છે. વ્યાન વાયુ મસ્તક તેમજ સમગ્ર શરીરમાં પ્રસરેલો બતાવે છે. આજનો શોધાયેલો નાઈટ્રોજન એટલે જ વ્યાનવાયુ. આ નાઈટ્રોજન એટલે માથાથી લઈ પગ સુધી પ્રસરેલા પ્રોટીનનો એક મહત્ત્વનો ઘટક જે શરીરનો વિકાસ કરે છે. અપાનવાયુ એટલે મિથેન - આંતરડામાં રહેલા મળને ધકેલી મળદ્વાર વાટે બહાર કાઢવામાં મદદ કરે છે.

અપાનવાયુ જ્યારે પોતાની ક્રિયામાં લાગેલો હોય છે ત્યારે બીજા ચાર વાયુઓનો વ્યવહાર મંદ પડી જતો હોય છે. તેથી જ અપાનવાયુ પોતાનું પૂર્ણ કાર્ય કરી શકે છે અર્થાત્ સમ્યક્ રીતે શરીરના મળને બહાર ધકેલી શકે છે. એટલા માટે મળમૂત્રના ત્યાગ સમયે મૌન અને શાંત રહીને અપાનવાયુને પોતાની ક્રિયા પૂર્ણ કરવામાં મદદરૂપ થવું જોઈએ. મળમૂત્રનો ત્યાગ કરતી વખતે બોલવાનું ચાલુ રાખીએ અથવા બીજી ક્રિયામાં લાગી જઈએ તો પ્રાણવાયુની શક્તિઓ વહેંચાઈ જાય છે અને અપાનવાયુનું કાર્ય મંદ પડી જાય છે. તેથી મલાશયની કે મૂત્રાશયની સંપૂર્ણ શુદ્ધિ થઈ શકતી નથી. તેના કારણે જ શરીરના સ્વાસ્થ્ય ઉપર મોટી અસર પડે છે. માટે શાંત રહીને

મળમૂત્રનો ત્યાગ કરવો જોઈએ.

શૌચવિધિ એટલે દિશાએ જઈ આવ્યા પછી હસ્તાદિકની શુદ્ધિ કેવી રીતે કરવી એ વિષયમાં મનુસ્મૃતિમાં કહ્યું છે :- 'एका लिङ्गे गुदे तिस्रो दश वामकरे मृदः । उभयोः सप्त दातव्यास्तिस्रस्तिस्रस्तु पादयोः ।।' - અર્થાત્ દિશાએ જઈને એકવાર લિંગ ધોવું, ત્રણવાર ગુદા પછી ડાબા હાથને ૧૦ વાર અને બંને હાથ ભેગા કરીને ૭ વાર અને પગને ૩ વાર ધોવા જોઈએ. આપણા શાસ્ત્રો બતાવે છે કે, આ બધી શુદ્ધિ માટે માટીનો જ ઉપયોગ કરવો. કારણ કે, એ જ ગુણકારી અને સર્વોત્તમ છે. માટીમાં ખારાશનો ભાગ હોય છે અને ચિકાશનો ભાગ બિલકુલ હોતો નથી. અર્થાત્ કોરી હોય છે. તેથી મળને સર્વ પ્રકારે દૂર કરવા માટે અતિ સમર્થ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ મળના ભાગને પણ દૂર કરવામાં સમર્થ હોવાના કારણે માટીને જે મહત્ત્વ આપી શકાય એવું મહત્ત્વ બીજા કોઈ દ્રવ્યને આપી શકાય નહિ. (પરંતુ અહીં એક વાત **નોંધનીય** છે હાલ આધુનિક યુગ પ્રમાણે શહેરોમાં ગટરલાઈનો થઈ જતા બાથરૂમમાં માટીના ઉપયોગથી ગટરલાઈનમાં કે અન્ય જગ્યાએ વિક્ષેપ થઈ શકે છે તેથી શાઈનેટ પાવડરનો (જે માટીનો જ એક ભાગ છે તેનો) ઉપયોગ કરવો જોઈએ.)

હસ્તાદિકની શુદ્ધિ કર્યા પછી એકજ સ્થાનમાં બેસીને દાતણ કરવું. દિવસ દરમ્યાન માણસના દાંતની ઉપર જામેલો અન્નાદિકનો મેલ રાત્રિ પસાર થતા એક પ્રકારનું ઝેર થઈ જાય છે. ત્યાં સુધી કે સવારમાં ઊઠીને જ્યાં થૂકવામાં આવે છે તે સ્થળમાં તે વાસી થૂકના કારણે ઘણા સૂક્ષ્મ જંતુઓ મરી જાય છે. માટે જીવ હિંસાના દોષથી બચવા માટે એક સ્થાનને વિષે બેસીને જ દાતણ કરવું જોઈએ એ પણ એવું સ્થાન કે જે સ્થાન પરથી દાતણ કરીને કાઢેલા મેલની રોજે-રોજ સફાઈ થઈ જાય. જેથી ઓછામાં ઓછી જીવ હિંસા થાય.

દાંતની સફાઈ માટે હંમેશા કાષ્ઠના દાતણનો અથવા ટુથપેસ્ટનો ઉપયોગ કરવો. કોઈપણ ટુથપેસ્ટનો ઉપયોગ કરતા પહેલા એ સો ટકા શાકાહારી છે કે નહિ એની પુરી ખાતરી કર્યા પછી જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

હવે દાતણ કર્યા પછી શું કરવું ? તો કહે છે કે, દાતણ કર્યા પછી પવિત્ર જળ વડે સ્નાન કરવું. સનાતન ધર્મમાં સર્વે કર્તવ્યોમાં સ્નાન એ અનિવાર્ય અને આવશ્યક કર્તવ્ય છે. સંધ્યાવંદનાદિક સામાન્ય કર્તવ્યોથી માંડીને મહાન અશ્વમેધ યજ્ઞ પર્યંતના સર્વે કર્મોનો પ્રારંભ સ્નાનથી જ થાય છે. દૈનિક કર્મમાં સ્નાન એ સંધ્યાવંદન-પૂજાદિકનું અંગ છે. સ્નાન કર્યા વિના સંધ્યાવંદન-પૂજા આદિકનો અધિકાર પ્રાપ્ત થતો નથી.

ભારતીય સંસ્કૃતિમાં **સ્નાન**ને ખૂબ **મહત્ત્વ** અપાયું છે. લગ્ન હોય કે મરણ, હોમ-હવન હોય કે શ્રાદ્ધવિધિ, સ્નાન તો કરવું જ પડે. ઘર હોય કે મંદિર, જળના અભિષેક વિના દેવની પૂજા અધુરી ગણાય. સ્નાનથી માત્ર શરીરની સ્વચ્છતા જ નથી જળવાતી, પરંતુ બીજા પણ **અનેક ફાયદા** થાય છે.


આજનું વિજ્ઞાન પણ શરીર શુદ્ધિ માટે સ્નાનને જરૂરી સમજે છે. સ્નાનને કારણે શરીર પર જામેલો મેલ ધોવાઈ જાય છે અને ચામડીના છિદ્રો ખુલ્લા થાય છે. પાણી વડે ચામડીને ઘસી ઘસીને નાહીએ તેને **ઘર્ષણસ્નાન** કહેવાય. આવા સ્નાનથી ખુલ્લા થયેલા છિદ્રો વાટે શરીરના વિષદ્રવ્યો બહાર નીકળી જાય છે અને શરીર એકદમ **સ્ફૂર્તિ** અને **તાજગી** અનુભવે છે. સ્નાનથી શરીરમાં લોહીનું પરિભ્રમણ વધુ ઝડપી બને છે અને થાક દૂર થાય છે.

પદ્મપુરાણમાં લખ્યું છે કે, 'नद्यां नदे वा सरसि तडागे वापीकूपयोः । स्नानं प्रशस्तमुदितमद्भिः शीताभिरन्वहम् ।।' - અર્થાત્ નદી, સરોવર, વાવ, કૂવો અથવા કોઈપણ વહેતા પાણીમાં સ્નાન કરવું એ **સર્વોત્તમ** ગણાય છે. કારણ કે શરીરના મળથી અને વાયુથી દૂષિત થયેલું પાણી, વહેતા પાણીમાં જલ્દીથી વહી નીકળે છે. જેથી શુદ્ધ અને તાજું જળ શરીરને મળતું રહે છે. માટે જ્યાં સુધી સંભવ હોય ત્યાં સુધી વહેતા જળમાં **સ્નાન** કરવું જોઈએ.

ખળખળ વહેતા ઝરણાં કે નદીમાં સ્નાન કરવાથી કુદરતી ઘર્ષણ સ્નાનનો લાભ મળી જાય છે. માટે આપણે ત્યાં નદીમાં સ્નાન કરવાનો મહિમા વિશેષ છે. નદી વગેરેમાં સ્નાન કરવું સંભવ ન હોય તો નળની નીચે સ્નાન કરવાથી પણ આ લાભ મળી શકે છે.

આપણા શાસ્ત્રોમાં ઠંડા પાણીથી સ્નાન કરવાને વધુ મહત્ત્વ અપાયું છે. જેને આજનું વિજ્ઞાન પણ સ્વીકારે છે. ગરમ પાણીથી સ્નાન કરતી વખતે થોડું સારું લાગે પણ પછી શરીરમાં જોઈએ એવી સ્ફૂર્તિ વર્તાતી નથી. આથી ઊલટું ઠંડા પાણીથી નહાવાથી શરૂઆતમાં થોડો હિચકિચાટ અનુભવાય, પણ પછી સ્ફૂર્તિ અને શક્તિમાં વધારો થાય છે. ઠંડુ પાણી એટલે બરફ જેટલું ઠંડુ નહિ પણ નળમાંથી આવતું સાધારણ પાણી કે પછી નદી-તળાવમાં જે પાણી હોય તે. આવા પાણીથી ચામડીની નીચે આવેલા જ્ઞાનતંતુઓ સંકોચાય છે. પરિણામે આખું શરીર એક મસાજ (માલિશ) થતો હોય એવો અનુભવ કરે છે. આ કારણે લોહીના પરિભ્રમણની ઝડપ વધી જાય છે. વિષ દ્રવ્યોનો ઝડપી નિકાલ થાય છે. પરિણામે નાહીને બહાર નીકળો ત્યારે શરીર ગજબનું હલકું, સ્ફૂર્તિ અને શક્તિમાન બની જાય છે.

**(ક્રમશઃ)**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## પાદરીયા





વડતાલ પ્રદેશના **પાદરીયા** (જી. ભરુચ)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ'**


## અંકલેશ્વર





વડતાલ પ્રદેશના **અંકલેશ્વર** શહેરને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાનિધ્યમાં યોજાયેલ **'મહાપૂજા તથા દિવ્ય શાકોત્સવ'**

## પાદરા





વડતાલ પ્રદેશના **પાદરા** (જી. વડોદરા)ને આંગણે **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના સાનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ'**

## સુરત





સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સંતોના સાનિધ્યમાં યોજાયેલ 'યુવા સત્સંગ સભા'




વડતાલ પ્રદેશના **ખુનવાડ** (તા. સંખેડા)ને આંગણે **શ્રી સ્વામિનારાયણ** મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ'**




સુરતને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના સાનિધ્યમાં યોજાયેલ 'રાત્રિ સત્સંગ સભા'




જૂનાગઢ પ્રદેશના **વરજાંગ જાળિયા**ને આંગણે **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના સાનિધ્યમાં પૂ. પુરાણી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ'**




વડતાલ પ્રદેશના **દુધવાડા** (તા. પાદરા)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ'**

**લઢોદ**





વડતાલ પ્રદેશના **લઢોદ** (જી. વડોદરા)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'**

**કેલોદ**





વડતાલ પ્રદેશના **કેલોદ** (જી. ભરુચ)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'**

**પોઈચા**





વડતાલ પ્રદેશના **પોઈચા** (જી. નર્મદા)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે યોજાયેલ નૂતન શ્રી સ્વા. મંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**

**સાસણ ગીર**







જૂનાગઢ પ્રદેશના **સાસણગીર**ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે યોજાયેલ શ્રી સ્વા. મંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**




જૂનાગઢ પ્રદેશના **ખીલોરી** (તા. ગોંડલ)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે યોજાયેલ નૂતન શ્રી સ્વા. મંદિરનો **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**





વડતાલ પ્રદેશના **નાના ફોફડીયા** (જી. વડોદરા)ને આંગણે **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી**ના આજ્ઞાથી અને **પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વા. મંદિરમાં 'મૂર્તિ પ્રતિષ્ઠા'** કરતા **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.**




વડતાલ પ્રદેશના **સીમળીયા** (જી. વડોદરા)ને આંગણે **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના વરદ્ હસ્તે યોજાયેલ નૂતન શ્રી સ્વા. મંદિરનો **'ખાતમુહૂર્તવિધિ'**

## નાર





વડતાલ પ્રદેશના **નાર** (તા. સોજીત્રા)ને આંગણે **શ્રી સ્વામિનારાયણ મંદિર**ના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય સત્સંગ સભા'**

## પાળજ






વડતાલ પ્રદેશના **પાળજ** (તા. પેટલાદ)ને આંગણે **શ્રી સ્વામિનારાયણ મંદિર**ના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય સત્સંગ સભા'**

## સરધાર









સરધારને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તથા પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે રહીને વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પૂ. આનંદ સ્વામી તથા પૂ. પતિતપાવન સ્વામી વગેરે સંતો-પાર્ષદો સાથે યોજાયેલ 'ભૂજ સત્સંગ દર્શનયાત્રા'




ગઢપુર પ્રદેશના **મહુવા** શહેરને આંગણે **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ ડાયરો'**




વડતાલ પ્રદેશના **પારીખા** (જી. વડોદરા)ને આંગણે **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા'**




સરધારને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી મંદિરમાં રહીને રાજકોટ વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુક-સ્કુલબેગ વગેરે અર્પણ કરતા તેમજ વિદ્યાર્થીઓને જીવનલક્ષી ઉપદેશ આપતા પૂ. સ્વામી તથા સંતો

## ઘલુડી



વડતાલ પ્રદેશના ઘલુડીને આંગણે યોજાયેલ **'પધરામણી મહોત્સવ'**માં પધારતા **પ.પૂ. લાલજી મહારાજશ્રી**

## બરકાલ



વડતાલ પ્રદેશના **બરકાલ** (જી. વડોદરા)ને આંગણે **શ્રી સ્વામિનારાયણ મંદિરના** વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં **પ.પૂ. લાલજી મહારાજશ્રીના** સાંનિધ્યમાં યોજાયેલ **'દિવ્ય શાકોત્સવ'**

## વડોદરા



વડોદરા શહેરને આંગણે **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના** રૂડા આશીર્વાદથી બંને **પ.પૂ. લાલજી મહારાજશ્રી** તથા
પૂ. બાળલાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ **'શ્રી સ્વામિનારાયણ યુવા સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ'**




વડતાલ પ્રદેશના ભાદરવા (જી. વડોદરા)ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય શાકોત્સવ'




વડતાલ પ્રદેશના છાણી (જી. વડોદરા)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'હોમાત્મક મહાપૂજા'




ગઢપુર પ્રદેશના કારિયાણી ગામને આંગણે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ આદિક દેવોનો પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ '૩૫મો વાર્ષિક પાટોત્સવ' તથા પૂ. કોઠારી સ્વામીના વક્તાપદે 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથાપારાયણ'


## જડકલા





ગઢપુર પ્રદેશના જડકલા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ 'શ્રી રામજી મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'

## ગઢડા





ગઢડામાં સુખશૈયામાં વિરાજમાન પ્રસાદિભૂત શ્રી હનુમાનજી મહારાજને નૂતન રંગરોગાન કર્યા બાદ આરતી-પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

## ગઢડા





ગઢડાને આંગણે દાદાખાચરના દરબારગઢમાં યોજાયેલ પૂ. કોઠારી સ્વામીના વક્તાપદે કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

## મેઘવા





વડતાલ પ્રદેશના મેઘવા (જી. આણંદ)ને આંગણે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય શાકોત્સવ'









વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદિ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮
**શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **દક્ષિણ વિભાગ સમસ્ત ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ** દ્વારા આગામી **વડતાલધામ** ખાતે આયોજીત

# મહામંત્ર લેખન શુભારંભ મહોત્સવ

**તારીખ :- ચૈત્ર સુદ - ૯ (હરિનવમી) ૮-૪-૨૦૧૪, વડતાલ સમય :- સવારે ૯ થી ૧૨**

જય શ્રી સ્વામિનારાયણ સાથ જણાવતા આનંદ અનુભવીએ છીએ કે, ભગવાન શ્રીહરિના સ્વમુખે પ્રગટ થયેલ ષડાક્ષર **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર મહિમા અને પ્રતાપ દિગંતમાં વ્યાપે અને સમગ્ર સમાજ આ મંત્રના પ્રતાપે સુખીયો થાય એવા હેતુથી **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ**, વડતાલવાસી **શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ,** ગઢપુરપતિ **શ્રી ગોપીનાથજી મહારાજ,** જૂનાગઢવાસી **શ્રી રાધારમણ દેવ,** ધોલેરાવાસી **શ્રી મદનમોહનજી મહારાજ**ની અસીમ કૃપાથી વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદિ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્યપ્રવર ધર્મકુળ મુગટમણિ ધર્મમાર્તંડ **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ શુભ સંકલ્પ કર્યો અને તેઓશ્રીના આજ્ઞાત્મક આશીર્વાદથી દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન અંતર્ગત વડતાલ, ગઢડા, ધોલેરા, જૂનાગઢ તેમજ દેશ-વિદેશમાં નિવાસ કરતા સમસ્ત ધર્મકુળ આશ્રિત સંતો, સાંખ્યયોગી બહેનો તથા સત્સંગ સમાજે પ્રથમ ગઢપુરધામમાં ૩૬૫ કરોડ અને દ્વિતીય જૂનાગઢધામમાં ૭૩૦ કરોડ મહામંત્રોનું લેખન કાર્ય કરી સમસ્ત ધર્મકુળ પરિવારની નિશ્રામાં ભવ્યાતીભવ્ય રીતે મહા મહોત્સવ ઉજવ્યા. જેનો સમગ્ર સત્સંગ સમાજે અલભ્ય લાભ લીધો.

હવે આ મહામંત્ર લેખન કાર્ય પોતાના તૃતીય ચરણમાં પ્રવેશ કરતા આગામી **વડતાલ ખાતે ૧૫૦૦ કરોડ મહામંત્રોનું લેખન કરી ભવ્ય 'આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'** ઉજવવા સત્સંગ સમાજ થનગની રહ્યો છે.

આ દિવ્ય **મહામંત્ર લેખન**ના મહા **ભગીરથ કાર્ય**નો **શુભારંભ** તેમજ **મંત્રપોથીનું વિમોમન** ભગવાન શ્રીહરિના પ્રાગટ્ય દિન **ચૈત્ર સુદ - ૯ (હરિનવમી) તા. ૮-૪-૨૦૧૪**ના શુભ દિવસે **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **સમસ્ત ધર્મકુળ પરિવાર**ના સાનિધ્યમાં તેમજ **સંતો-હરિભક્તો**ની દિવ્ય ઉપસ્થિતિમાં **વડતાલ** ખાતે કરવામાં આવશે.

આ મહામંત્ર લેખન મહોત્સવની **૩૦ લાખ 'મંત્રપોથી'** છપાવવામાં આવશે. જેમાં હજારો ભક્તો ભજનમય બની મંત્રલેખન કરશે તો આ મંત્રપોથીમાં આપ શક્તિ અનુસાર સેવા કરી જીવનને ધન્યભાગી બનાવવાનો રૂડો સોનેરી અવસર રખેને ચૂકી ન જશો તેવી નમ્ર વિનંતિ સહ....

**નોંધ :-** ૧) અગિયાર હજાર અને તેથી વધુ સેવા કરનારના નામ ૫૦ હજાર મંત્રપોથીમાં છાપવામાં આવશે. ૨) આ મંત્રપોથીમાં શક્તિ અનુસાર સેવા કરી મહોત્સવ સમિતિની પાકી પાવતી મેળવી લેવી.

**॥ આ મહોત્સવમાં મંત્રપોથીની સેવાનો લાભ લેવા ઈચ્છતા ભક્તોએ વહેલી તકે પોતાની સેવા નીચેના સ્થાનમાં લખાવી દેવી ॥**

**વડતાલ :** શ્રી સર્વમંગલ સ્વામી - મો. ૯૪૨૭૮૭૪૦૮૦ **ગઢડા :** શ્રી છપૈયા સ્વામી - મો. ૯૪૨૬૮૦૪૧૦૯ **જૂનાગઢ :** શ્રી સ્વા. મંદિર - જવાહર રોડ, ફો.નં. ૦૨૮૫ - ૨૬૫૦૬૮૦ **સરધાર :** શ્રી સ્વા. મંદિર - જવાહર રોડ, ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, ૭૬૦૦૦૫૮૫૦૩ **બગસરા :** શ્રી સ્વા. મંદિર - બંગલી ચોક, ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **સુરત :** શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર, વરાછા રોડ. મો. ૮૧૨૮૬૯૧૫૧૩ **સુરત :** શ્રી સ્વા. મંદિર - રાંદેર, પાલનપુર પાટીયા, ફો.નં. ૦૨૬૧ - ૨૭૬૯૯૨૦ **સુરત :** શ્રી હરિમંડપ, વેડરોડ, મો. **ડોંબીવલી :** શ્રી સ્વા. મંદિર - રાજાજી રોડ, ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦ **મલાડ :** શ્રી સ્વા. મંદિર - અમરશી રોડ, ફો.નં. ૦૨૨ - ૨૮૮૦૪૩૫૬ **વ.જાળિયા :** શ્રી સ્વા. મંદિર - તા. ઉપલેટા, ફો.નં. ૦૨૮૨૬ - ૨૮૨૪૮૦ **મહુવા :** શ્રી સ્વા. મંદિર - ખારગેટ, ફો.નં. ૦૨૮૪૪ - ૨૨૨૨૪૨, ૮૧૨૮૬૯૧૫૧૫ **માણાવદર :** શ્રી શાંતિભાઈ રતનપરા (ટ્રસ્ટી) મો. ૯૪૨૬૧૬૭૭૦૮ **સા.કુંડલા :** શ્રી કાનાણી ટેડ્રર્સ - સાવરકુંડલા. ફો.નં. ૦૨૮૪૫ - ૨૪૨૪૧૧, મો. ૯૪૨૯૪૭૮૧૧૭.

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના અનુજગુરુબંધુ

## પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીની આગામી કથાપારાયણોની તિથિ-તારીખ

| ક્રમ | તારીખ | તિથિ | વિગત | મહોત્સવ કથા સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૩-૪-૨૦૧૪ થી ૯-૪-૨૦૧૪ | ચૈત્ર સુદ -૪ થી ચૈત્ર સુદ - ૧૦ | શ્રી હરિલીલામૃત કથાપારાયણ | મુ. કેલોદ, તા. જી. ભરુચ સંપર્ક :- મો. ૭૬૦૦૦૨૩૭૧૪ |
| ૨. | ૧૦-૪-૨૦૧૪ થી ૧૬-૪-૨૦૧૪ | ચૈત્ર સુદ -૧૦ થી ચૈત્ર વદ - ૧ | યમદંડ કથાપારાયણ | **ટાઉનહોલ, ભાવનગર** સંપર્ક :- મો. ૯૮૯૮૦૨૫૨૫૧ |
| ૩. | ૨૧-૪-૨૦૧૪ થી ૨૭-૪-૨૦૧૪ | ચૈત્ર વદ - ૭ થી ચૈત્ર વદ - ૧૩ | શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ | **શ્રી સ્વા. મંદિર, બોરિવલી (મુંબઈ)** સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨ |
| ૪. | ૨૮-૪-૨૦૧૪ થી ૨-૫-૨૦૧૪ | ચૈત્ર વદ -૧૪ થી વૈશાખ સુદ - ૩ | શ્રી હરિલીલામૃત કથાપારાયણ | **શ્રી સ્વા. મંદિર, ડોંબીવલી (મુંબઈ)** સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨ |


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**રાજકોટને આંગણે...** પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અનુગામી અને પનોતા સત્પુત્ર

પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નો દિવ્ય અને ભવ્ય

શ્રી સ્વામિનારાયણ **યુવા**

**સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ** તથા **૪૧ મો જન્મોત્સવ**

॥ તારીખ ॥
૨૨, ૨૩-૩-૨૦૧૪
શનિ/રવિવાર
રાજકોટ ૨૦૧૪

**આયોજક :-** ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ - રાજકોટ પ્રદેશ સંપર્ક :- ૯૮૭૯૭૧૨૭૬૮

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



ભગવાન શ્રી સ્વામિનારાયણ

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી **અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**ભટ્ટવદર થી ગઢપુર ભવ્ય પદયાત્રા**



:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

તારીખ :- ૨૭ થી ૩૧-૩-૨૦૧૪
ફાગણ વદ - ૧૧ થી ચૈત્ર સુદ - ૧

**આયોજક :-** શ્રી ગોપીનાથજી મંડળ વતી. પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી

**નોંધ :-** આ યાત્રામાં સમયાંતરે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવાર પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપશે. સાથે-સાથે ગઢડા, જૂનાગઢ અને વડતાલ આદિ ધામોના સંતો તથા જૂનાગઢ અને ગઢપુર પ્રદેશના હરિભક્તો યાત્રામાં જોડાશે.

**વધુ જાણકારી માટે સંપર્ક :-** **ગઢડા :** શ્રી સ્વા. મંદિર - ફો.નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦, મો. ૯૪૨૬૮૦૪૧૦૯ (શ્રી છપૈયા સ્વામી) **રાજુલા :** પૂ. સ્વામી શ્રી હરિનંદજનદાસજી - મો. ૯૪૨૭૭૪૨૮૦૦ **ભુપતભાઈ રાજાણી - ભંડારીયા :** મો. ૯૯૦૯૧૯૬૫૫૨ **ભુપતભાઈ પાંચાણી - સુરત :** મો. ૯૯૭૮૮૯૧૬૯૮ **સાવરકુંડલા :** શ્રી કાનાણી ટ્રેડર્સ - ફો.નં. ૦૨૮૪૫ - ૨૪૨૪૧૧, મો. ૯૪૨૯૪૭૮૧૧૭ (ગોરધનભાઈ કાનાણી)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે આયોજીત

## મહોત્સવો તથા કથાપારાયણો તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની તિથિ-તારીખ

| ક્રમ | તારીખ | તિથિ | વિગત | |
|---|---|---|---|---|
| ૧. | ૨૪-૩-૨૦૧૪ થી<br>૩૦-૩-૨૦૧૪ | ફાગણ વદ - ૮ થી<br>ફાગણ વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. **રામોદ**, તા. ગોંડલ, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૪૦૯૧૩૯૧૧૧, ૯૮૨૫૮૬૪૩૭૫ |
| ૨. | ૧૭ થી ૨૦-૪-૧૪ | ચૈત્ર વદ ૨ થી ૫ | બાળ-યુવા મહોત્સવ | મુ. **શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર**, તા.જી. રાજકોટ. |
| ૩. | ૨૩-૪-૨૦૧૪ થી<br>૨૯-૪-૨૦૧૪ | ચૈત્ર વદ - ૯ થી<br>ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. **ઘનશ્યામનગર** (આદસંગ), તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૮૨૫૦૪૭૫૧૨ |
| **નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવો** | | | | |
| ૪. | ૩૦-૪-૨૦૧૪ થી<br>૨-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૩ | વૈશાખ સુદ - ૩<br>તા. ૨-૫-૨૦૧૪ | મુ. **ભાડુઈ**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૯૬૦૧૯૧૬૦૧૦ |
| ૫. | ૨-૫-૨૦૧૪ થી<br>૬-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૩ થી<br>વૈશાખ સુદ - ૭ | વૈશાખ સુદ - ૩<br>તા. ૨-૫-૨૦૧૪ | મુ. **રાજ સમઢીયાળા**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૯૮૨૪૮૭૭૦૭૦ |
| ૬. | ૫-૫-૨૦૧૪ થી<br>૧૧-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૬ થી<br>વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨<br>તા. ૧૧-૫-૨૦૧૪ | મુ. **ચોરાલી-મોલી**, તા. ઉના, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૯૦૯૬૦૧૫૨૯, ૭૫૬૭૦૯૭૪૩૬ |
| ૭. | ૭-૫-૨૦૧૪ થી<br>૧૧-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૮ થી<br>વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨<br>તા. ૧૧-૫-૨૦૧૪ | મુ. **જીવાપર**, તા. ખાંભા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૮૧૪૦૯૪૪૦૫૦, ૯૯૭૪૪૩૫૨૮૫ |
| ૮. | ૧૨-૫-૨૦૧૪ થી<br>૧૪-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૧૩ થી<br>વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩<br>તા. ૧૨-૫-૨૦૧૪ | મુ. **ફાચરીયા**, તા. ખાંભા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૦૯૬૬૨૦૪૮, ૯૯૦૯૭૯૩૫૬૧ |
| ૯. | ૧૨-૫-૨૦૧૪ થી<br>૧૪-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૧૩ થી<br>વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩<br>તા. ૧૨-૫-૨૦૧૪ | મુ. **બાંભણીયા**, તા. મહુવા, જી. ભાવનગર<br>સંપર્ક :- મો. ૯૯૧૩૪૬૧૦૫૩ |
| ૧૦. | ૧૫-૫-૨૦૧૪ થી<br>૧૯-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧ થી<br>વૈશાખ વદ - ૫ | વૈશાખ વદ - ૫<br>તા. ૧૯-૫-૨૦૧૪ | મુ. **શેલણા**, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૨૫૪૯૩૯૯૫, ૯૪૦૮૬૮૩૦૮૩ |
| ૧૧. | ૧૫-૫-૨૦૧૪ થી<br>૧૯-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧ થી<br>વૈશાખ વદ - ૫ | વૈશાખ વદ - ૫<br>તા. ૧૯-૫-૨૦૧૪ | મુ. **કલ્યાણપર**, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૨૫૬૬૫૩૨૭ |
| ૧૨. | ૧૯-૫-૨૦૧૪ થી<br>૨૩-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૫ થી<br>વૈશાખ વદ - ૧૦ | વૈશાખ વદ - ૧૦<br>તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **થાણાપીપળી**, તા. કેશોદ, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૭૨૬૯૯૫૯૧૦ |
| ૧૩. | ૧૯-૫-૨૦૧૪ થી<br>૨૩-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૫ થી<br>વૈશાખ વદ - ૧૦ | વૈશાખ વદ - ૧૦<br>તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **થાણાગાલોલ**, તા. જેતપુર, જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૨૪૩૧૪૧, ૯૯૨૫૧૩૫૨૫૦ |
| ૧૪. | ૨૩-૫-૨૦૧૪ થી<br>૨૭-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧૦ થી<br>વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૦<br>તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **અરજણસુખ**, તા. વડીયા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૨૫૯૦૬૬૪૪, ૯૯૨૫૨૭૬૨૯૯ |
| ૧૫. | ૨૩-૫-૨૦૧૪ થી<br>૨૭-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧૦ થી<br>વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૦<br>તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **પીપરલગ**, તા. જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૮૨૫૪૮૬૪૧૨ |

:: તારીખ ::
૬-૪-૨૦૧૪

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: સમય ::
સવારે ૯ થી ૧

# ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

રામોદને આંગણે

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

તારીખ :- ૨૪ થી 30 ૩-૨૦૧૪

કથા સમય : સવારે ૮.૩૦ થી ૧૧.૩૦, બપોરે ૩.૦૦ થી ૬.૦૦

:: આયોજક ::

ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ સમાજ, રામોદ (જૂનાગઢ પ્રદેશ)



અધ્યક્ષશ્રી :- પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ઉપાધ્યક્ષશ્રી :- પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

:: મહોત્સવ સ્થળ ::

'શ્રી સ્વામિનારાયણ ધામ' મું. રામોદ, તા. ગોંડલ, જી. રાજકોટ

સંપર્ક :- પાર્ષદ રસિક ભગત - મો. ૯૪૦૯૧૩૯૧૧૧ વરદાન બાપુ - મો. ૯૪૨૭૭૨૯૪૯૧ મહેશભાઈ કોઠારી - મો. ૯૮૨૫૮૬૪૩૭૫

હમારા લક્ષ્ય ચેનલ

॥ મહોત્સવ પ્રસારણ ॥

આ મહોત્સવનું લક્ષ્ય ચેનલ ઉપર પ્રસારણ કરવામાં આવશે...

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે દસમો

:: અધ્યક્ષશ્રી ::



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ બાળ યુવા મહોત્સવ

2014 સરધાર

પ્રારંભ તા.- ૧૭-૪-૨૦૧૪

પુર્ણાહુતી તા.- ૧૯-૪-૨૦૧૪





પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

મહોત્સવ સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ


























**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બગસરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ નૂતન શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસ મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨ થી ૧૦-૩-૨૦૧૪)**

૧. મહોત્સવ દ્વારનું ઉદ્‌ઘાટન કરતા પૂ. સદ્‌ગુરુ સંતો તથા યજમાનશ્રીઓ. ૨-૩. કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી કરતા સંતો-હરિભક્તો. ૪-૫-૬. કથા અંતર્ગત ગાદિ-પટ્ટાભિષેકમાં ઠાકોરજીનો અભિષેક તથા આરતી કરતા પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૭. શ્રીહરિ યાગ યજ્ઞ. ૮. કથાના વક્તા પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનું સન્માન કરતા પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી તથા બગસરા મંદિર ટ્રસ્ટી મંડળ. ૯. રાત્રિ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ અનમોલ ખત્રી, નિલાદ્રી ચેટરજી તથા હેમંત જોષીના સુમધુરકંઠે 'કીર્તન ભક્તિ સંધ્યા.' ૧૦-૧૧-૧૨. મહોત્સવ અંતર્ગત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા યોજાયેલ રાત્રિ સાંસ્કૃતિ કાર્યક્રમો.




પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આશાથી બગસરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસ મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨ થી ૧૦-૩-૨૦૧૪)

૧-૨-૩. શહેરના મુખ્યમાર્ગ પર નીકળેલી પ.પૂ. લાલજી મહારાજશ્રીની સ્વાગત શોભાયાત્રા. ૪.પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરીને સ્વાગત કરતા પૂ. સદ્. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદજી દાસજી તથા ૫. કથાના વક્તા પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા ૬. પૂ. સ્વામી વિવેકસ્વરૂપદાસજી. ૭ થી ૧૨. મહોત્સવ અને મંદિરના મુખ્યદાતાનું સન્માન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સદ્‌ગુરુ સંતો. ૧૩-૧૪-૧૫. નવદિનાત્મક શિલાન્યાસ મહોત્સવનો લાભ લેતા વિશાળ સંખ્યામાં હરિભક્ત સમુદાય














## પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી બગસરાને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં યોજાયેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનો 'મંગલ શિલાન્યાસ મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨ થી ૧૦-૩-૨૦૧૪)

સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના બગસરા શહેરને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણ દિવ્યસ્વરૂપે પધારી બગસરાને તીર્થધામ બનાવ્યું છે. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી આદિક નંદસંત પરંપરાના ઉત્તરોતર સંતો દ્વારા અહીં સત્સંગના પીયુષો પાઈને સત્સંગનો વિકાસ કર્યો છે. હાલમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી પોતાના સંતમંડળ સહિત નિવાસ કરીને સત્સંગનો વિકાસ કરી રહ્યા છે. તા. ૯-૩-૨૦૧૪ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના તથા પૂ. સંતો તથા યજમાનોના વરદ્ હસ્તે શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે ભવ્ય શિખરબધ્ધ મંદિરનો 'શિલાન્યાસ' કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન કથા, અખંડધુન, શ્રીહરિયાગ, મેડીકલ કેમ્પો વગેરે ભક્તિસભર કાર્યક્રમો ઉજવાયા હતા.

Swaminarayan Chintan, March - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર આયોજીત

# પધારો સરધાર...



સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

સંતવાણી-લોકસાહિત્ય-હાસ્ય અને સંગીત પ્રતિભાનો

# રત્નાકર સન્માન સમારોહ

સરધાર

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



**તારીખ : ૧૯-૪-૨૦૧૪, શનિવાર,**

**સમય : સાંજે ૭-૦૦ કલાકે**

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

## કલાકારો :

| સંતવાણી-ભજન : | લોકસાહિત્ય : | હાસ્ય ડાયરો : | કીર્તન સંગીત : |
|---|---|---|---|
| નિરંજન પંડ્યા, | ભીખુદાન ગઢવી, | શાહબુદ્દીન રાઠોડ, | હસમુખ પાટડીયા, |
| જગમાલ બારોટ, | માયાભાઈ આહિર, | ઘનશ્યામ લાખાણી, | અનમોલ ખત્રી, |
| લક્ષ્મણ બારોટ, | મેરાણ ગઢવી, | સુખદેવ ધામેલીયા, | સ્વરિત શુક્લ, |
| બિહારી હેમુ ગઢવી, | જીતુદાદ ગઢવી, | જગદીશ ત્રિવેદી, | નિલાદ્રી ચેટરજી, |
| અભેસિંહ રાઠોડ, | હરેશદાન ગઢવી | જીતુભાઈ દ્વારકાવાળા | હેમંત જોષી |
| ખીમજી ભરવાડ | | | |

કાર્યક્રમ સંયોજક : હરદેવ આહિર (લોકસાહિત્ય તથા હાસ્ય કલાકાર)

શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ

તા. ૧૭ થી ૧૯-૪-૨૦૧૪

રાજકોટનું લાઈવ પ્રસારણ

લક્ષ્ય

ચેનલ પર

Live : www.sardharkatha.com

**સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર, તા.જી. રાજકોટ.**

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Th. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007